<u>સુધારા જાહેરાત તથા</u> <u>અગત્યની સુચના (જાહેરાત ક્રમાંક:૧૫૦/૨૦૧૮૧૯)</u>

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ દ્વારા કલેકટર કચેરીઓ, ગુજરાત સરકારના વિવિધ ખાતાના વડાની કચેરીઓ (બિન સચિવાલય સેવા) ના કારકુન વર્ગ - ૩ અને સચિવાલય સેવાના "ઓફિસ આસિસ્ટન્ટ" વર્ગ-૩ સંવર્ગની કુલ- ૨૨૨૧ જગાઓ સીધી ભરતીથી ભરવા ઓન લાઈન મૂળ જાહેરાત ક્રમાંક: <u>૧૫૦/૨૦૧૮૧૯</u>, તા. ૧૨/૧૦/૨૦૧૮ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી, જેમાં સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૩/૦૧/૨૦૧૯ના ઠરાવ તથા સામાન્ય વહીવટ વિભાગના તા.૦૬-૦૨-૨૦૧૯ અને ૦૭-૦૨-૨૦૧૯ ના પરિપત્ર ક્રમાંક : પરચ/ ૧૦૨૦૧૯/ ૨૮૬૭૧/ ગ-૨ તથા સામાન્ય વહીવટ વિભાગના તા.૦૭-૦૨-૨૦૧૯ ના ઠરાવની સૂચનાઓ ધ્યાને લઇને આર્થિક રીતે નબળા વર્ગોના ઉમેદવારો પોતાની ઉમેદવારી નોંધાવી શકે તે માટે તેમજ અગાઉ ઓનલાઇન અરજી કરેલ નથી તેવા તમામ કેટેગરીના ઉમેદવારો પણ ઉમેદવારી નોંધાવી શકે તે માટે ઓનલાઇન અરજીપત્રકોના રજીસ્ટ્રેશન માટે ઉક્ત જાહેરાત રીઓપન કરવામાં આવે છે તથા કેટેગરીવાઈઝ જગાઓની સંખ્યામાં નીચે મુજબ સુધારો કરવામાં આવે છે.

(વેબસાઇટ એડ્રેસ : https://ojas.gujarat.gov.in **અને** https://gsssb.gujarat.gov.in **)**

---

૧. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા ગુજરાત સરકારના વિવિધ ખાતાના વડાની કચેરીઓ તેમજ મહેસૂલ વિભાગના નિયંત્રણ હેઠળની કલેકટર કચેરીઓ માટે કારકુન, વર્ગ-૩ સંવર્ગ અને સચિવાલયના વિભાગો માટે “ઓફીસ આસીસ્ટન્ટ” વર્ગ-૩ સંવર્ગની વિવિધ કેટેગરીવાઇઝ કુલ- ૨૨૨૧ (બે હજાર બસ્સો એકવીસ) જગાઓ સીધી ભરતીથી ભરવા મૂળ જાહેરાત ક્રમાંક : ૧૫૦/૨૦૧૮૧૯, તા. ૧૨/૧૦/૨૦૧૮ ના રોજ પ્રસિધ્ધ કરવામાં આવેલ હતી, અને તે અન્વયે સ્પર્ધાત્મક પરીક્ષા યોજીને મેરીટના ધોરણે પસંદગીયાદી - પ્રતિક્ષા યાદી તૈયાર કરવા માટે ઉમેદવારો પાસેથી OJAS ની વેબસાઇટ ઉપર ઓન-લાઈન અરજીપત્રકો મંગાવવામાં આવેલ હતા.

૨. સરકારશ્રીના; (૧) સામાજિક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૩/૦૧/૨૦૧૯ના ઠરાવ નં. **EWS/ 122019/ 45903/ A ,** (૨) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૬-૦૨-૨૦૧૯નો પરિપત્ર ક્રમાંક : પરચ /૧૦૨૦૧૯/ ૨૮૬૭૧/ ગ-૨ , (૩) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૭-૦૨-૨૦૧૯નો પરિપત્ર ક્રમાંક : પવસ /૧૦૨૦૧૯ ૨૨૧/ ગ-૪ તથા (૪) સામાન્ય વહીવટ વિભાગનો તા.૦૭-૦૨-૨૦૧૯નો ઠરાવ ક્રમાંક : પવસ /૧૦૨૦૧૯/૨૨૩/ ગ-૪ થી આર્થિક રીતે નબળા વર્ગો (Economically Weaker Sections)ના નાગરીકો / વ્યક્તિઓ માટે સેવા / જગ્યાઓ પર નિમણૂંકોમાં ૧૦ % જગાઓ અનામત સંબંધેની જોગવાઇઓ - સૂચનાઓ પરિપત્રિત કરવામાં આવેલ છે.

3. ઉપરોકત પેરા-૨ ની વિગતે સરકારશ્રીની પ્રવર્તમાન સૂચનાઓ અનુસાર ; ઉકત પેરા-૧ ની વિગતેની મૂળ જાહેરાત ક્રમાંક : ૧૫૦/૨૦૧૮૧૯ રી-ઓપન કરીને ઉમેદવારો પાસેથી NIC ની OJAS વેબસાઇટ ઉપર ઓન-લાઈન અરજીપત્રકો મંગાવવામાં આવે છે.

૪. સબબ, મૂળ જાહેરાતમાં જે ઉમેદવારોએ જનરલ (સામાન્ય) કેટેગરીમાં અરજી કરી છે અને જે ઉમેદવારોને આર્થિક રીતે નબળા વર્ગના અનામતનો લાભ મળવા પાત્ર નથી તેવા ઉમેદવારોએ ફરીથી અરજી કરવાની રહેશે નહી. મૂળ જાહેરાતમાં જે ઉમેદવારોએ જનરલ કેટેગરીમાં અરજી કરેલ છે, પરંતુ હવે તેઓ આર્થિક રીતે નબળા વર્ગના અનામતનો લાભ લેવા માંગે છે તેઓએ **EWS** કેટેગરી માટે ફરીથી અરજી કરવાની રહેશે. મૂળ જાહેરાતમાં અરજી કરેલ ના હોય તેવા તમામ કેટેગરીના ઉમેદવારો પણ અરજી કરી શકશે. આ ઉમેદવારોએ **https://ojas.gujarat.gov.in** વેબસાઈટ પર તા. ૦૧/૦૬/૨૦૧૯ (બપોરના ૧૪:૦૦ કલાક) થી તા. ૩૦/૦૬/૨૦૧૯ (સમય રાત્રીના ૨૩-૫૯ કલાક) દરમિયાન ઓનલાઈન અરજી કરવાની રહેશે.

૫. ભરવાપાત્ર જગાઓની ખાતા/વિભાગવાર/કેટેગરીવાઇઝ વિગતો નીચે મુજબ છે.

(૧) કારકુન વર્ગ-૩ સંવર્ગની ખાલી જગાઓ દર્શાવતું પત્રક:

ક્રમાંક	ખાતાનું નામ (વિભાગ)	કુલ જગા	બિન અનામત		આર્થિક રીતે નબળા વર્ગો (EWS)		સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ		અનુસુચિત જાતિ		અનુસુચિત જનજાતિ		કુલ જગા પૈકી: માજી સૈનિક	કુલ જગા પૈકી: શા. ખો. ખા.			
			સામાન્ય	મહિલા	સામાન્ય	મહિલા	સામાન્ય	મહિલા	સામાન્ય	મહિલા	સામાન્ય	મહિલા	માજી સૈનિક કુલ	શા.ખો.ખાં કુલ	અંધત્વ/ ઓછી દ્રષ્ટી વાળા	શ્રવણની ખામી	હલનચલનની વિકલાંગતા /મગજના લકવા
1.	મહેસુલ વિભાગ હેઠળની જિલ્લા કલેકટર કચેરીઓ (મહેસૂલ વિભાગ)	540	169	51	42	01	70	53	30	18	74	32	43	05	01	01	03
2.	સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક (મહેસૂલ વિ)	40	11	05	03	01	08	03	03	00	05	01	04	01	00	00	01
3.	નોંધણીસર નિરીક્ષકની કચેરી, ગાંધીનગર (મહેસૂલ વિભાગ)	50	15	07	04	01	09	04	03	00	05	02	05	01	00	00	01
4.	નિયામક ટેકનિકલ શિક્ષણ(શિક્ષણ વિભાગ)	22	08	03	02	0	04	01	01	0	03	0	02	0	0	0	0
5.	ગુજ. માધ્યમિક અને ઉચ્ચતર મા. બોર્ડ (શિક્ષણ વિભાગ)	32	13	06	03	00	00	00	07	03	00	00	03	00	00	00	00
6.	એન.સી.સી. નિયામકની કચેરી, અમદાવાદ (શિક્ષણ વિભાગ)	28	09	04	02	00	04	01	00	00	06	02	02	01	0	0	01
7.	નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી કચેરી (ઉદ્યોગ અને ખાણ વિભાગ)	20	10	03	00	00	05	01	00	01	00	00	00	00	00	00	00
8.	કમિશ્નર, ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજની કચેરી (ઉધોગ અને ખાણ વિ)	07	00	00	00	00	03	01	00	00	03	0	00	00	00	00	00
9.	ઉધોગ કમિશ્નરની કચેરી (ઉધોગ અને ખાણ વિભાગ)	30	13	05	03	00	07	02	00	00	00	00	03	00	00	00	00
10.	કમિશ્નર, કુટીર અને ગ્રામોદ્યોગ (ઉધોગ અને ખાણ વિભાગ)	15	07	02	01	00	02	00	02	00	01	00	01	00	00	00	00
11.	વાણિજ્યિક વેરા કમિશ્નરની કચેરી (નાણા વિભાગ)	173	49	24	12	05	31	15	09	03	17	08	17	05	02	02	01
12.	હિસાબ અને તિજોરી નિયામકની કચેરી (નાણા વિભાગ)	140	70	33	10	04	00	00	07	02	10	04	14	04	01	01	02
13.	ગુજરાત પાણી પુ. ગ..વ્ય. બોર્ડ, (નર્મદા, જ,સં.પા.પુ. અને કલ્પસર વિભાગ.)	425	124	60	29	13	76	36	11	05	48	23	42	12	04	04	04
14.	નિયામક, રાજય અગ્ની નિવારણ સેવાઓની કચેરી. (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ)	05	03	01	0	0	01	00	00	00	00	00	00	00	00	00	00
15.	ગુજરાત હાઉસિંગ બોર્ડ, (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ)	26	06	02	02	00	06	02	00	00	06	02	02	00	00	00	00

16.	નિયામક, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી(અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકો બાબતોનો વિભાગ)	21	11	05	02	00	00	00	00	00	03	00	02	00	00	00	00
17.	પશુપાલન નિયામકની કચેરી (કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ)	20	08	03	00	00	04	01	01	00	03	00	02	01	00	01	00
18.	સંયુક્ત ખેતી નિયામક (જ.સં.), વડોદરા (કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ)	156	45	21	11	04	28	13	08	03	16	07	15	04	00	01	03
19.	સંયુક્ત ખેતી નિયામક (જ.સં.), રાજકોટ (કૃષિ, ખેડૂત કલ્યાણ અને સહકાર વિભાગ)	66	19	08	05	01	11	05	04	01	09	03	06	01	00	00	01
20.	નિયામક,રોજગાર અને તાલીમ (તાલીમ પાંખ) (શ્રમ અને રોજગારવિ)	60	17	08	05	01	11	05	03	01	07	02	06	02	00	00	02
21.	નિયામક,રોજગાર અને તાલીમ (રોજગાર) (શ્રમ અને રોજગાર.વિ)	24	09	03	02	0	05	01	01	0	03	0	02	0	0	0	0
22.	શ્રમ આયુક્તશ્રીની કચેરી(શ્રમ અને રોજગાર વિભાગ)	56	21	09	00	00	11	04	03	00	06	02	05	06	02	02	02
23.	નિયામક, વિકસતી જાતિ કલ્યાણ(સા.ન્યા. અને અધિ. વિભાગ)	21	07	03	02	00	04	01	01	00	03	00	02	01	00	01	00
24.	નિયામક, સમાજ સુરક્ષા (સા.ન્યા. અને અધિ.વિભાગ)	09	05	02	00	00	01	00	00	00	01	00	00	01	00	00	01
25.	કમિ. આદિજાતિ વિકાસની કચેરી (આદિજાતિ વિકાસ વિ	56	22	10	04	01	09	03	03	00	03	01	05	02	01	00	01
26.	અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી(વન અને પર્યાવરણ વિભાગ)	37	14	06	03	00	07	02	00	00	04	01	03	01	01	00	00
27.	સરકારી વકિલશ્રીની કચેરી (કાયદા વિભાગ)	04	02	00	00	00	00	00	00	00	02	00	00	00	00	00	00
28.	ચેરીટી કમિશ્નરની કચેરી (કાયદા વિભાગ)	21	07	03	02	00	04	01	00	00	03	01	02	02	00	00	02
29.	ચિફ ઈન્સપેક્ટીંગ ઓફિસર(કોર્ટ ફીઝ)ની કચેરી(કાયદા વિભાગ)	02	02	00	00	00	00	00	00	00	00	00	00	00	00	00	00
30.	નિયામક, તબીબી સેવાઓ, કામદાર રાજ્ય વિમા યોજના(આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)	89	34	16	06	02	15	07	03	01	04	01	08	02	00	02	00
31.	કમિશ્નર, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ(તબીબી વિભાગ)	76	24	11	05	02	13	05	05	01	07	03	07	02	00	01	01

	(આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)																
32.	કમિશ્નર, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ (જા.આ.ખા.) (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)	64	19	09	05	01	12	05	03	01	07	02	06	01	00	01	00
33.	માહિતી નિયામક, ની કચેરી (માહિતી અને પ્રસારણ વિભાગ)	25	13	05	02	00	03	00	00	00	02	00	02	00	00	00	00
34.	નિયામકશ્રી, નશાબંધી અને આબકારી (ગૃહ વિભાગ)	05	03	01	00	00	01	00	00	00	00	00	00	00	00	00	00
35.	કમાન્ડન્ટ જનરલ હોમગાર્ડ (ગૃહ વિભાગ)	19	08	03	01	00	04	01	00	00	02	00	01	00	00	00	00
36.	અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી, (મા.મ.) વર્તુળ-૧, અમદાવાદ	34	16	07	03	00	03	00	02	00	03	00	03	00	00	00	01
37.	અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી, (મા.મ.) વર્તુળ - ૨, અમદાવા	35	12	05	04	01	03	00	05	02	03	00	03	00	00	00	01
38.	અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી, શહેર (મા.મ.) વર્તુળ અમદાવાદ	07	03	00	00	00	02	00	00	00	02	00	00	00	00	00	00
39.	અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી, યાંત્રિક (મા.મ.) વર્તુળ અમદાવાદ	30	10	04	03	00	05	02	02	00	03	01	03	00	00	00	00
40.	અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી, એક્સપ્રેસ વે વર્તુળ અમદાવા	03	03	00	00	00	00	00	00	00	00	00	00	00	00	00	00
41.	અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી, પંચાયત (મા.મ.) વર્તુળ અમદાવાદ	04	03	00	00	00	01	00	00	00	00	00	00	00	00	00	00
42.	અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી, પાટનગર યોજના વર્તુળ,ગાંધીનગર	30	12	05	03	00	06	02	02	00	00	00	03	00	00	00	00
43.	અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી, વિદ્યુત (મા.મ.) વર્તુળ, ગાંધીનગ.	17	07	02	01	00	03	01	01	00	02	00	01	00	00	00	00
44.	અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વર્તુળ, ગાંધીનગર	17	07	02	01	00	03	01	01	00	02	00	01	00	00	00	00
45.	મુખ્ય સ્થપતિ અને નગર નિયોજકશ્રીની કચેરી, ગાંધીનગર	03	01	00	00	00	01	00	00	00	01	00	00	00	00	00	00
46.	અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી, આલેખન (મા.મ.) વર્તુળ, ગાંધીનગર	08	04	01	01	00	01	00	00	00	01	00	00	00	00	00	00
47.	અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી, પંચાયત (મા.મ.) વર્તુળ, ગાંધીનગર	02	02	00	00	00	00	00	00	00	00	00	00	00	00	00	00
48.	અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી, યોજના અમલીકરણ યુનિટ (પી.આઇ.યુ), ગાંધીનગર	03	03	00	00	00	00	00	00	00	00	00	00	00	00	00	00

49.	નિયામકશ્રી ઉપવન અને બગીચા તંત્ર, ગાંધીનગર	02	02	00	00	00	00	00	00	00	00	00	00	00	00	00	00
50.	અધિક્ષક ઇજનેરશ્રીની કચેરી,(મા.મ.) વર્તુળ, વડોદરા	45	20	09	03	01	05	01	01	00	04	01	04	00	01	00	00
51.	અધિક્ષક ઇજનેરશ્રીની કચેરી,(મા.મ.) વર્તુળ, સુરત	30	10	04	03	00	05	02	02	00	03	01	03	00	00	00	00
52.	અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી, રાષ્ટ્રીય ધોરીમાર્ગ વર્તુળ, વડોદરા	05	02	00	00	00	01	00	00	00	02	00	00	00	00	00	00
53.	સંયુક્ત નિયામકશ્રી(રસ્તા), ગેરી, વડોદરા	05	04	00	00	00	01	00	00	00	00	00	00	00	00	00	00
54.	અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી (મા.મ.) વર્તુળ-૧, રાજકોટ	52	15	07	04	01	08	03	03	01	07	03	05	00	00	01	01
55.	અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી (મા.મ.) વર્તુળ-૨, રાજકોટ	38	10	04	03	00	08	03	03	01	05	01	3	00	00	00	01
56.	અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી પંચાયત (મા.મ.) વર્તુળ-૧, રાજકોટ	05	03	01	00	00	01	00	00	00	00	00	00	00	00	00	00
57.	અધિક્ષક ઈજનેરશ્રીની કચેરી પંચાયત (મા.મ.) વર્તુળ-૨, રાજકોટ	05	03	01	00	00	01	00	00	00	00	00	00	00	00	00	00
58.	મુખ્ય વિધ્યુત નિરીક્ષકની કચેરી (ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ)	14	05	01	01	00	03	01	00	00	03	00	01	02	00	00	02
59.	વિધ્યુત શુલ્ક સમાહર્તા ની કચેરી(ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ)	04	03	01	00	00	00	00	00	00	00	00	00	00	00	00	00
60.	કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ (રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ)	19	07	03	01	0	04	01	01	0	02	0	01	0	0	0	0
61.	ભાષા નિયામકની કચેરી. (રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિનો વિભાગ)	08	05	01	00	00	01	00	00	00	01	00	00	00	00	00	00
62.	નિયામક, પુરાતત્વ અને સંગ્રહાલય ખાતું.(રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ)	11	04	01	01	00	03	00	00	00	02	00	01	00	00	00	00
63.	ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, (પંચાયત ગ્રામ ગૃહ નિર્માણ અને ગ્રામ વિકાસ વિભાગ)	04	02	00	00	00	00	00	01	00	01	00	00	00	00	00	00
	કુલ	2824	975	391	200	40	438	190	132	44	310	104	244	57	13	18	32

૫. (૨) સચિવાલયના વિભાગો માટે " ઓફીસ આસીસ્ટન્ટ" વર્ગ- ૩ સંવર્ગની ખાલી જગાઓ દર્શાવતું પત્રક:

ક્રમાંક	વિભાગનું નામ	કુલ જગા	બિન અનામત		આર્થિક રીતે નબળા વર્ગો (EWS)		સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ		અનુસુચિત જાતિ		અનુસુચિત જનજાતિ		કુલ જગા પૈકી				
													માજી સૈનિક	શા. ખો. ખા.			
			સામાન્ય	મહિલા	સામાન્ય	મહિલા	સામાન્ય	મહિલા	સામાન્ય	મહિલા	સામાન્ય	મહિલા	માજી સૈનિક કુલ	શા.ખો.ખાં. કુલ	અંધત્વ/ ઓછી દ્રષ્ટી વાળા	શ્રવણ ની ખામી	હલનચલન ની વિકલાંગતા /મગજના લકવા
	સચિવાલયના વિભાગો	228	72	35	15	07	38	18	07	02	23	11	23	06	02	02	02
	ગુજરાત જાહેર સેવા આયોગ	01	01	00	00	00	00	00	00	00	00	00	00	00	00	00	00
કુલ-		229	73	35	15	07	38	18	07	02	23	11	23	06	02	02	02

નોંધ : જાહેરાતમાં દર્શાવેલ જગાઓની સંખ્યામાં વધઘટ થવાની શક્યતા રહેશે.

૬. આર્થિક રીતે નબળા વર્ગોની વય મર્યાદામાં છૂટછાટ :

(૧) આર્થિક રીતે નબળા વર્ગ (EWS) ની કેટેગરીના પુરુષ ઉમેદવારને પાંચ (૦૫) વર્ષની છુટછાટ અને મહિલા ઉમેદવારને EWS કેટેગરી તરીકેના પાંચ (૦૫) વર્ષ અને મહિલા તરીકેના પાંચ વર્ષ મળી કુલ – ૧૦ (દસ) વર્ષની વય મર્યાદામાં છૂટછાટ મળવાપાત્ર થશે. આર્થિક રીતે નબળા વર્ગ(EWS) ના ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે આર્થિક રીતે નબળા વર્ગો (EWS) માટે પાત્રતા પ્રમાણપત્ર તા. ૧૪/૦૧/૨૦૧૯ થી તા. ૩૦/૦૬/૨૦૧૯ સુધીમાં મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ EWS કેટેગરીની અનામત જગાનો લાભ મળશે. અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. અને તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી માંથી મુક્તિ તેમજ અનામત જગા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહી.

(૨) આર્થિક રીતે નબળા વર્ગ **(EWS)**ના ઉમેદવારોએ સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૫/૦૧/૨૦૧૯ ના ઠરાવ ક્રમાંક :- ઈ.ડબલ્યુ.એસ./ ૧૨૨૦૧૯/૪૫૯૦૩/અ ની જોગવાઈ મુજબ થી નિયત થયેલ Annexure - KH (Eligibility Certificate For Economically Weaker Sections) અંગ્રેજી નમુનામાં અથવા પરિશિષ્ટ-ગ (આર્થિક રીતે નબળા વર્ગો માટે પાત્રતા પ્રમાણપત્ર) ગુજરાતી નમૂનામાં તારીખ : ૧૪/૦૧/૨૦૧૯ થી અરજી કરવાની છેલ્લી તારીખ : ૩૦/૦૬/૨૦૧૯ દરમિયાન મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાનાં રહેશે.

સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી રદ થશે.

૭. શૈક્ષણિક લાયકાત/વયમર્યાદા માટે નિર્ધારિત તારીખ :

સામાન્ય વહિવટ વિભાગના તા. ૦૬/૦૨/૨૦૧૯ ના પરીપત્ર ક્રમાંક: પરચ/૧૦૨૦૧૯/૨૮૬૭૧/ગ.૨ ની જોગવાઇ મુજબ; મૂળ જાહેરાત (જા.ક્ર. ૧૫૦/૨૦૧૮૧૯)માં અરજી કરેલ જનરલ કેટેગરીના જે ઉમેદવારો હવે આર્થિક રીતે નબળા વર્ગની કેટેગરીમા સમાવેશ થતો હોય તેવા ઉમેદવારોએ ફરીથી આર્થિક રીતે નબળા વર્ગની કેટેગરી અંતર્ગત અરજી કરવાની રહેશે. મૂળ જાહેરાત (જા.ક્ર. ૧૫૦/૨૦૧૮૧૯)માં જે ઉમેદવારોએ અરજી કરેલ છે અને જે ઉમેદવારોને આર્થિક રીતે નબળા વર્ગના અનામતનો લાભ મળવા પાત્ર નથી તેવા ઉમેદવારોએ ફરીથી અરજી કરવાની રહેશે નહી. મૂળ જાહેરાત (જા.ક્ર. ૧૫૦/૨૦૧૮૧૯)માં અરજી કરેલ ના હોય તેવા તમામ કેટેગરીના ઉમેદવારો પણ અરજી કરી શકશે. વયમર્યાદા - ઉમર માટે મૂળ જાહેરાત(જા.ક્ર. ૧૫૦/૨૦૧૮૧૯)માં દર્શાવ્યા મુજબ અરજી સ્વીકારવાની છેલ્લી તારીખ. ૦૨/૧૧/૨૦૧૮ ગણતરીમા લેવાની રહેશે. જ્યારે શૈક્ષણિક લાયકાત, નોન-ક્રીમીલેયર સર્ટી તથા **EWS** પાત્રતા પ્રમાણપત્ર અને અન્ય જરુરી લાયકાત માટે તા. ૩૦/૦૬/૨૦૧૯ ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

૮. સામાજિક શૈક્ષણીક પછાત વર્ગના ઉમેદવારો માટે:-

(૧) કારકુન અને ઓફીસ આસીસ્ટન્ટ વર્ગ-૩ સંવર્ગની જગાઓમાં **S.E.B.C.**કેટેગરી (સા.શૈ.પ.વર્ગ)ના ઉમેદવારો માટે જગાઓ અનામત છે તેવા **S.E.B.C.** કેટેગરી (સા.શૈ.પ.વર્ગ)ના ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે કઢાવેલ નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટ તા.૦૧/૦૪/૨૦૧૬ થી તા.૩૦/૦૬/૨૦૧૯ દરમિયાન મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગાનો લાભ મળશે. અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. અને તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી માંથી મુક્તિ તેમજ અનામત જગા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહી.

(૨) સા. અને શૈ. પ.વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા. ૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક- સસપ/૧૧૦૯/૧૬૬૩/અ ની જોગવાઈ મુજબ થી નિયત થયેલ નમુના પરિશિષ્ટ-૪ તથા તા. ૨૬/૦૪/૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૨૨૦૧૫/ ૪૫૫૨૪૬/ અ તેમજ તા. ૧૮/૦૮/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૨૨૦૧૭/ ૧૨૪૩૮૨/ અ ની જોગવાઈ મુજબ, તા.૦૧/૦૪/૨૦૧૬ થી અરજી કરવાની છેલ્લી તા. ૩૦/૦૬/૨૦૧૯ દરમિયાન મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાનાં રહેશે.

૯. પરીક્ષા ફી :-

- ફોર્મ ભરતી વખતે ''General'' કેટેગરી Select કરી હોય (દર્શાવી હોય) તેવા (PH તથા Ex.Serviceman કેટેગરી સિવાયના) તમામ ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેશે.
- અરજી ફોર્મમાં નીચે મુજબની કેટેગરી Select કરનાર ઉમેદવારોએ કોઇપણ પ્રકારની પરીક્ષા ફી ભરવાની રહેશે નહીં.

(ક) અનુસૂચિત જાતિ (SC)
(ખ) અનુસૂચિત જન જાતિ (ST)
(ગ) સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ (SEBC)
(ઘ) આર્થિક રીતે નબળા વર્ગો **(Economically Weaker Sections)**
(ચ) માજી સૈનિક (Ex.Serviceman) તમામ કેટેગરીના ઉમેદવાર.
(છ) શારિરીક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો (PH) તમામ કેટેગરીનાં ઉમેદવાર.

- જે ઉમેદવારોએ ફી ભરવાની છે તેવા ઉમેદવારો જયારે OJAS વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને પરીક્ષા ફી ભરવા માટે ઓન લાઇન ઉપલબ્ધ ચલણની ૩ નકલોની એક પાના ઉપર પ્રિન્ટ મેળવવાની સુચના મળશે. ઉમેદવારોએ આ પાનાની પણ પ્રિન્ટ મેળવી લેવાની રહેશે, ઉમેદવારોએ ચલણ સાથે કોઇપણ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટ ઓફીસમાં જઇને, પરીક્ષા ફી પેટે રૂ.૧૦૦/- રોકડા + રૂ.૧૨/- પોસ્ટલ ચાર્જીસ ભરી દેવાના રહેશે. ચલણની એક નકલ પોસ્ટ ઓફીસ રાખી લેશે અને બે નકલ ઉમેદવારને પોસ્ટ ઓફિસનો સિક્કો અને સ્ટીકર લગાવીને પરત આપશે.
- પોસ્ટ ઓફીસમાં પરીક્ષા ફી ભરવાની છેલ્લી તા.૦૬/૦૭/૨૦૧૯ (પોસ્ટ ઓફીસના કચેરી સમય સુધી) ની રહેશે.
- અન્ય કોઇ રીતે પરીક્ષા ફી સ્વીકારવામાં આવશે નહીં.
- પરીક્ષા ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી તેમજ તે ફી અન્ય કોઇ પરીક્ષા માટે અનામત તરીકે રાખવામાં આવશે નહીં. પરીક્ષા ફી ભરવાપાત્ર ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.
- ''General'' કેટેગરી Select કરનાર (શારીરિક ખોડખાંપણ તથા માજી સૈનિક કેટેગરી સિવાયના) ઉમેદવારો ફી ભરવાની નિયત સમયમર્યાદામાં પરીક્ષા ફી નહીં ભરે તો તેવા ઉમેદવારોનું અરજી ફોર્મ કોઇપણ જાતની જાણ કર્યા વગર મંડળ દ્વારા ''**રદ**'' કરવામાં આવશે.

૧૦. જાહેરાત ક્રમાંક: ૧૫૦/૨૦૧૮૧૯ ની ઉપરના સુધારા સિવાયની અન્ય તમામ બાબતો યથાવત રહે છે.

તારીખ: ૦૧/૦૬/૨૦૧૯
સ્થળ:- ગાંધીનગર

સચિવ
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,
ગાંધીનગર

ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,

બ્લોક નં.૨, પહેલો માળ, કર્મયોગી ભવન, સેકટર-૧૦ એ, ગાંધીનગર

જાહેરાત ક્રમાંકઃ ૧૫૦/૨૦૧૮૧૯ અંગેની વિગતવાર સૂચનાઓ

(વેબસાઇટ એડ્રેસ : https://ojas.gujarat.gov.in **અને** https://gsssb.gujarat.gov.in **)**

---

૧. ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ, ગાંધીનગર દ્વારા ગુજરાત સરકારના વિવિધ ખાતાના વડાની કચેરીઓ તેમજ મહેસૂલ વિભાગના નિયંત્રણ હેઠળની કલેકટર કચેરીઓ માટે કારકુન, વર્ગ-૩ સંવર્ગ અને સચિવાલયના વિભાગો માટે "ઓફીસ આસીસ્ટન્ટ" વર્ગ-૩ સંવર્ગની જગાઓ અન્વયે સ્પર્ધાત્મક પરીક્ષા યોજીને મેરીટના ધોરણે પસંદગીયાદી તૈયાર કરવા માટે ઉમેદવારો પાસેથી OJAS ની વેબસાઇટ ઉપર ઓન-લાઈન અરજીપત્રકો મંગાવવામાં આવે છે. આ ઉમેદવારોએ **https://ojas.gujarat.gov.in** વેબસાઈટ પર **તા.૧૨ /૧૦/૨૦૧૮ (બપોરના ૧૪:૦૦ કલાક) થી તા.૦૨/૧૧/૨૦૧૮ (સમય રાત્રીના ૧૧-૫૯ કલાક)** દરમિયાન ઓનલાઈન અરજી કરવાની રહેશે.

1) અરજી કરવા માટેની વિગતવાર સૂચનાઓ (આ જાહેરાતમાં મુદ્દા નંબર- ૭ માં દર્શાવેલ છે તે સહીત) આ સમગ્ર જાહેરાત ઓનલાઇન અરજી કરતાં પહેલાં ઉમેદવારે પોતે ધ્યાનથી વાંચવી જરૂરી છે.

2) ઓનલાઇન અરજી કરતી વખતે ઉમેદવારે કોઇ પ્રમાણપત્રો જોડવાના નથી. પરંતુ, ઓનલાઇન અરજી કરતી વખતે પ્રમાણપત્રોમાંની વિગતોને આધારે ઓનલાઇન અરજીમાં અરજદારે સમગ્ર વિગતો ભરવાની રહે છે. આથી પોતાના બધા જ પ્રમાણપત્રો જેવા કે, શૈક્ષણિક લાયકાત, વય, શાળા છોડ્યાનું પ્રમાણપત્ર, જાતિ, શારીરિક ખોડ-ખાંપણ(લાગુ પડતુ હોય તો), માજી સૈનિક(લાગુ પડતુ હોય તો), વિધવા(લાગુ પડતુ હોય તો) તેમજ અન્ય લાયકાતના અસલ પ્રમાણપત્રોને સાથે રાખીને ઓનલાઇન અરજીમાં એવા પ્રમાણપત્રોને આધારે સમગ્ર વિગતો ભરવાની રહે છે. જેથી અરજીમાંની ખોટી વિગતોને કારણે અરજી રદ થવા પાત્ર ઠરે નહીં.

3) **પરીક્ષા પધ્ધતિ** : પસંદગીની પ્રક્રિયામાં જાહેરાતમાં મુદ્દા નંબર-૯ માં દર્શાવ્યા મુજબની પ્રથમ તબક્કામાં હેતુલક્ષી પ્રશ્નોવાળી ઓ.એમ.આર. પધ્ધતિની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા ભાગ-૧ અને ત્યારબાદ કુલ જગાના અંદાજીત ત્રણ ગણા ઉમેદવારોએ ભાગ-૨ની કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી (કાર્યક્ષમતા કસોટી) ની પ્રક્રીયામાંથી પસાર થવાનું રહેશે.

4) જરૂરત ઉપસ્થિત થયે પરીક્ષા સંદર્ભેની અમુક સૂચનાઓ મોબાઇલ નંબર પર એસ.એમ.એસ.(**SMS**)થી આપવામાં આવશે. આથી, અરજીપત્રકમાં સંબંધિત કોલમમાં મોબાઇલ નંબર અવશ્ય દર્શાવવો અને સમગ્ર ભરતી પ્રક્રિયા પૂર્ણ થાય ત્યા સુધી તે જ મોબાઈલ નંબર જાળવી રાખવો અનિવાર્ય રીતે જરૂરી છે.

ભરવાપાત્ર જગાઓની ખાતાવાર/કેટેગરીવાર વિગતો નીચે મુજબ છે.

(૧) કારકુન વર્ગ-૩ સંવર્ગની ખાલી જગાઓ દર્શાવતું પત્રક:

ક્રમાંક	ખાતાનું નામ (વિભાગ)	કુલ જગા	બિન અનામત		સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ		અનુસુચિત જાતિ		અનુસુચિત જનજાતિ		કુલ જગા પૈકી				
											માજી સૈનિક	શા. ખો. ખા.			
			સામાન્ય	મહિલા	સામાન્ય	મહિલા	સામાન્ય	મહિલા	સામાન્ય	મહિલા	માજી સૈનિક કુલ	શા. ખો. ખાં કુલ	અંધત્વ / ઓછીદ્રષ્ટીવાળા	શ્રવણનીખામી	હલનચલનની વિકલાંગતા/ મગજના લકવા
1	મહેસુલ વિભાગ હેઠળની જિલ્લા કલેકટર કચેરીઓ (મહેસૂલ વિભાગ)	360	116	45	54	34	26	15	46	24	16	26	07	07	12
2	સેટલમેન્ટ કમિશનર અને જમીન દફતર નિયામક (મહેસૂલ વિભાગ)	20	07	03	05	01	00	00	03	01	02	00	00	00	00
3	નોંધણીસર નિરીક્ષકની કચેરી, ગાંધીનગર (મહેસૂલ વિભાગ)	50	17	07	10	04	03	01	06	02	05	01	00	00	01
4	નિયામક ટેકનિકલ શિક્ષણ (શિક્ષણ વિભાગ)	15	07	02	03	00	01	00	02	00	01	00	00	00	00
5	નિયામકશ્રી, સરકારી મુદ્રણ અને લેખન સામગ્રી કચેરી (ઉદ્યોગ અને ખાણ વિભાગ)	10	08	01	01	00	00	00	00	00	00	00	00	00	00
6	કમિશ્નર, ભૂસ્તર વિજ્ઞાન અને ખનિજની કચેરી(ઉધોગ અને ખાણ વિભાગ)	07	00	00	03	01	00	00	03	00	00	00	00	00	00
7	ઉધોગ કમિશ્નરની કચેરી(ઉધોગ અને ખાણ વિભાગ)	30	15	06	07	02	00	00	00	00	03	00	00	00	00
8	કમિશ્નર, કુટીર અને ગ્રામોદ્યોગ (ઉધોગ અને ખાણ વિભાગ)	15	07	02	03	00	02	00	01	00	01	01	00	00	01
9	વાણિજ્યિક વેરા કમિશ્નરની કચેરી (નાણા વિભાગ)	56	19	08	11	05	03	01	07	02	05	01	00	00	01

10	હિસાબ અને તિજોરી નિયામકની કચેરી (નાણા વિભાગ)	50	19	08	09	04	03	00	05	02	05	01	00	00	01
11	ગુજરાત પાણી પુ. ગ..વ્ય. બોર્ડ, નર્મદા, જ,સં.પા.પુ. અને કલ્પસર વિભાગ.	425	152	74	76	36	11	05	48	23	42	13	05	04	04
12	નિયામક, રાજય અગ્ની નિવારણ સેવાઓની કચેરી. (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ)	05	03	01	01	00	00	00	00	00	00	00	00	00	00
13	ગુજરાત હાઉસિંગ બોર્ડ, (શહેરી વિકાસ અને શહેરી ગૃહ નિર્માણ વિભાગ)	26	07	02	07	02	00	00	06	02	02	00	00	00	00
14	નિયામક, અન્ન અને નાગરિક પુરવઠાની કચેરી(અન્ન નાગરિક પુરવઠા અને ગ્રાહકો બાબતોનો વિભાગ)	21	13	05	00	00	00	00	03	00	02	00	00	00	00
15	પશુપાલન નિયામકની કચેરી (કૃષિ અને સહકાર વિભાગ)	20	08	03	04	01	01	00	03	00	02	01	00	01	00
16	નિયામક,રોજગાર અને તાલીમ (તાલીમ પાંખ)(શ્રમ અને રોજગાર વિભાગ)	30	11	05	06	02	02	00	03	01	03	00	00	00	00
17	નિયામક,રોજગાર અને તાલીમ (રોજગાર) (શ્રમ અને રોજગાર વિભાગ)	12	06	02	03	00	00	00	01	00	01	00	00	00	00
18	શ્રમ આયુક્તશ્રીની કચેરી(શ્રમ અને રોજગાર વિભાગ)	56	21	09	11	04	03	00	06	02	05	06	02	02	02

19	નિયામક, વિકસતી જાતિ કલ્યાણ(સા.ન્યા. અને અધિ. વિભાગ)	21	09	03	04	01	01	00	03	00	02	01	00	01	00
20	નિયામક, સમાજ સુરક્ષા(સા.ન્યા. અને અધિ. વિભાગ)	03	03	00	00	00	00	00	00	00	00	00	00	00	00
21	કમિ. આદિજાતિ વિકાસની કચેરી(આદિજાતિ વિકાસ વિભાગ	62	23	11	11	05	06	02	03	01	06	01	00	00	01
22	અગ્ર મુખ્ય વન સંરક્ષકશ્રીની કચેરી(વન અને પર્યાવરણ વિભાગ)	37	15	06	07	03	00	00	05	01	03	01	01	00	00
23	સરકારી વકિલશ્રીની કચેરી (કાયદા વિભાગ)	05	03	00	00	00	00	00	02	00	00	00	00	00	00
24	ચેરીટી કમિશ્નરની કચેરી (કાયદા વિભાગ)	21	09	03	04	01	00	00	03	01	02	02	00	00	02
25	ચિફ ઈન્સપેક્ટીંગ ઓફિસર(કોર્ટ ફીઝ)ની કચેરી(કાયદા વિભાગ)	01	01	00	00	00	00	00	00	00	00	00	00	00	00
26	કામદાર રાજ્ય વિમા યોજના(આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)	89	48	23	09	03	00	00	05	01	09	02	00	01	01
27	કમિશ્નર, આરોગ્ય, તબીબી સેવાઓ અને તબીબી શિક્ષણ(તબીબી વિભાગ) (આરોગ્ય અને પરિવાર કલ્યાણ વિભાગ)	76	32	15	11	04	05	01	06	02	07	02	00	00	02
28	માહિતી નિયામક, ની કચેરી (માહિતી અને પ્રસારણ વિભાગ)	18	11	04	00	00	00	00	03	00	01	00	00	00	00

29	નિયામકશ્રી, નશાબંધી અને આબકારી (ગૃહ વિભાગ)	05	03	01	01	00	00	00	00	00	00	00	00	00	00
30	કમાન્ડન્ટ જનરલ હોમગાર્ડ (ગૃહ વિભાગ)	19	07	03	04	01	00	00	03	01	01	00	00	00	00
31	અધિક્ષક ઈજનેર(મા.મ.) વર્તુળ-૧,અમદાવાદ **અમદાવાદ ઝોનલ** (માર્ગ અને મકાન વિભાગ)	148	85	28	15	01	07	00	11	01	11	03	01	01	01
32	અધિક્ષક ઈજનેર, વડોદરા(મા.મ.) વર્તુળ,**વડોદરા ઝોનલ** (માર્ગ અને મકાન વિભાગ)	85	37	14	14	03	04	00	10	03	07	02	01	00	01
33	અધિક્ષક ઈજનેર, રાજકોટ (મા.મ.) વર્તુળ-૧, **રાજકોટ-ઝોનલ** (માર્ગ અને મકાન વિભાગ)	100	33	13	20	08	07	02	12	05	09	03	00	01	02
34	અધિક્ષક ઈજનેર **યાંત્રીક** (મા.મ.) વર્તુળ, અમદાવાદ **અમદાવાદ** (માર્ગઅનેમકાન વિભાગ)	30	11	05	06	02	03	00	03	00	03	01	00	00	01
35	અધિક્ષક ઈજનેર વિદ્યુત (મા.મ.) વર્તુળ, ગાંધીનગર (માર્ગ અને મકાન વિભાગ)	17	06	02	04	01	01	00	03	00	01	00	00	00	00
36	મુખ્ય વિધ્યુત નિરીક્ષકની કચેરી(ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ)	13	05	01	03	01	00	00	03	00	01	02	00	00	02
37	વિધ્યુત શુલ્ક સમાહર્તા ની કચેરી(ઉર્જા અને પેટ્રોકેમિકલ્સ વિભાગ)	04	03	01	00	00	00	00	00	00	00	00	00	00	00

38	કમિશ્નર, યુવક સેવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓ (રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ)	19	07	03	04	01	02	00	02	00	01	00	00	00	00
39	નિયામક, પુરાતત્વ અને સંગ્રહાલય ખાતું.(રમત-ગમત, યુવા અને સાંસ્કૃતિક પ્રવૃતિઓનો વિભાગ)	11	05	01	03	00	00	00	02	00	01	00	00	00	00
	કુલ	1992	792	320	334	131	91	27	222	75	160	70	17	18	35

(૨) સચિવાલયના વિભાગો માટે " ઓફીસ આસીસ્ટન્ટ" વર્ગ- ૩ સંવર્ગની ખાલી જગાઓ દર્શાવતું પત્રક :

ક્રમાંક	વિભાગનું નામ	કુલ જગા	બિન અનામત		સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગ		અનુસુચિત જાતિ		અનુસુચિત જનજાતિ		કુલ જગા પૈકી				
											માજી સૈનિક	શા. ખો. ખા.			
			સામાન્ય	મહિલા	સામાન્ય	મહિલા	સામાન્ય	મહિલા	સામાન્ય	મહિલા	માજી સૈનિક કુલ	શા. ખો. ખાં કુલ	અંધત્વ / ઓછીદ્રષ્ટી વાળા	શ્રવણ નીખામી	હલનચલનની વિકલાંગતા/ મગજના લકવા
1	સચિવાલયના વિભાગો	228	87	42	38	18	07	02	23	11	23	06	02	02	02
2	ગુજરાત જાહેર સેવા આયોગ	01	01	00	00	00	00	00	00	00	00	00	00	00	00
	કુલ-	229	88	42	38	18	07	02	23	11	23	06	02	02	02

નોંધ: (૧) જાહેરાતમાં દર્શાવેલ જગાઓની સંખ્યામાં વધઘટ થવાની શક્યતા રહેશે.

(૨) અનામત જગાઓ **ફકત મૂળ ગુજરાતના** જે તે અનામત કેટેગરીના ઉમેદવારો માટે જ અનામત છે.

(૩) એક ઉમેદવાર એક જ અરજી કરી શકશે. આમ છતાં, સંજોગોવશાત, જો કોઈ ઉમેદવારે એક થી વધુ અરજી કરેલ હશે, તો છેલ્લી કન્ફર્મ થયેલ અરજીને માન્ય રાખીને અન્ય અરજીપત્રકને રદ ગણવામાં આવશે. બિન અનામત વર્ગના ઉમેદવારોએ છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ હશે તે અરજી માન્ય ગણાશે. અને અગાઉની અરજી રદ ગણવામાં આવશે. જો ઉમેદવારે છેલ્લી કન્ફર્મ થયેલ અરજી સાથે નિયત ફી ભરેલ નહી હોય, તો આવા ઉમેદવારની બાકીની અરજીઓ પૈકી નિયત ફી સાથેની કન્ફર્મ થયેલી છેલ્લી અરજી માન્ય ગણવામાં આવશે. જો ઉમેદવારે એકથી વધુ અરજી સાથે ફી ભરેલ હશે તો તે રીફંડ કરવામાં આવશે નહી.

(૪) સામાન્ય વહીવટ વિભાગના તા.૧૧/૧૧/૨૦૧૪ના ઠરાવ ક્રમાંક-સીઆરઆર / ૧૦૯૬/૨૨ /૧૩/ ગ.૨ (ભાગ-૧) તથા તા.૨૭/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક: પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ-૨ ની જોગવાઈઓ ધ્યાને લઈને, મહિલાઓ માટે અનામત જગાઓ રાખવામાં આવેલ છે. મહિલાઓની અનામત જગાઓ માટે લાયક મહિલા ઉમેદવાર ઉપલબ્ધ નહી થાય તો, તે જગા સંબધિત કેટેગરી(જનરલ, એસ.સી., એસ.ટી., એસ.ઇ.બી.સી.) ના પુરૂષ ઉમેદવારથી ભરવામાં આવશે.

(૫)માજી સૈનિક માટે નિયમાનુસાર ૧૦% જગા અનામત છે. માજી સૈનિક કેટેગરીમાં પસંદ થયેલ ઉમેદવારોને તેઓની સંબંધિત જે તે કેટેગરી(જનરલ, એસ.સી., એસ.ટી., એસ.ઇ.બી.સી.) સામે સરભર કરવામાં આવશે. માજી સૈનિકની અનામત જગા માટે લાયક માજી સૈનિક ઉમેદવાર નહીં મળે તો તે જગા જે તે કેટેગરીના અન્ય સામાન્ય લાયક ઉમેદવારોથી ભરવામાં આવશે.

માજી સૈનિક ઉમેદવારો કે જેઓએ જલ, વાયુ અને સ્થળની આર્મી ફોર્સીસમાં ઓછામાં ઓછા છ માસની સેવા કરી હોય અને માજી સૈનિક તરીકેનું સક્ષમ અધિકારીનું ઓળખ કાર્ડ અને ડિસ્ચાર્જ બુક ધરાવતા હોય તો ઉપલી વય મર્યાદામાં તેઓએ બજાવેલ ફરજનો સમયગાળો ઉપરાંત ત્રણ વર્ષ સુધીની છૂટછાટ મળશે. માજી સૈનિક તરીકેની ફરજ ચાલુ હોય તેવા ઉમેદવારો નિવૃત્તિનું એક વર્ષ બાકી હોય તો પણ તેઓ પોતાની ઉમેદવારી નોંધાવી શકશે.

(૬) શારીરિક રીતે વિકલાંગ ઉમેદવારોની જગાઓ જે તે કેટેગરી સામે સરભર કરવામાં આવશે. શારીરિક રીતે વિકલાંગ ઉમેદવારોની જગાઓ માટે લાયક શારીરિક રીતે વિકલાંગ ઉમેદવારો નહી મળે તો તે જગા જે તે કેટેગરીના અન્ય સામાન્ય લાયક ઉમેદવારોથી ભરવામાં આવશે.

(૭) જાહેરાતમાં જે તે કેટેગરીમાં કુલ જગાઓ પૈકી મહિલા ઉમેદવારો માટે અમુક જગાઓ અનામત હોય ત્યારે મહિલા ઉમેદવારોની અનામત જગાઓ સિવાયની બાકી રહેતી જગાઓ ફક્ત પુરૂષ ઉમેદવારો માટે અનામત છે તેમ ગણવાનું નથી, આ જગાઓ પર પુરૂષ તેમજ મહિલા ઉમેદવારોની પસદંગી માટે વિચારણા થઇ શકે છે. પુરૂષ તેમજ મહિલા ઉમેદવારો અરજી કરી શકે છે.(દા.ત. કુલ ૧૦ જગાઓ પૈકી ૦૩ જગા મહિલા ઉમેદવાર માટે અનામત છે પરંતુ બાકી રહેતી ૦૭ જગા સામે મહિલા ઉમેદવાર પણ પસંદગી પામી શકે છે.)

૨. પગાર ધોરણ :

નાણાં વિભાગના તા.૧૬/૨/૨૦૦૬ ના તથા તા.૨૯/૪/૨૦૧૦ અને તા.૬/૧૦/૨૦૧૧, તા.૨૦/૧૦/૨૦૧૪ ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-ઝ.૧ તેમજ તા.૨૦/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-(પાર્ટ-૨)-ઝ.૧ તથા છેલ્લે તા.૧૮/૦૧/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક: ખરચ-૨૦૦૨-૫૭-(પાર્ટ-૨)-ઝ.૧ અન્વયે પ્રથમ પાંચ વર્ષ માટે પ્રતિ માસ માટે રૂ.૧૯,૯૫૦/- નિયત ફિકસ પગારથી નિમણૂંક અપાશે. તેમજ ઉકત ઠરાવના અન્ય લાભો મળવાપાત્ર થશે. અને સામાન્ય વહીવટ વિભાગના તા.૨૩-૧૦-૨૦૧૫ ના ઠરાવ ક્રમાંક: સીઆરઆર-૧૧-૨૦૧૫-૩૧૨૯૧૧-ગ.૫ અને નાણા વિભાગના તા.૨૮-૦૩-૨૦૧૬ ના ઠરાવ ક્રમાંક: ખરચ/૨૦૦૨/૫૭/(પાર્ટ-૩)/ઝ-૧ તથા તા.૧૮/૦૧/૨૦૧૭ માં દર્શાવેલ બોલીઓ અને શરતોને આધિન નિમાયેલ ઉમેદવાર પાંચ વર્ષના અંતે તેની સેવાઓ સંતોષકારક જણાયેથી સંબંધિત કચેરીમાં જે તે સમયના સરકારશ્રીના નિયમોનુસાર મળવાપાત્ર પગાર ધોરણમાં નિયમિત નિમણૂંક મેળવવાને પાત્ર થશે. તેમ છતાં આ બાબતે નામ.સુપ્રીમ કોર્ટમાં દાખલ થયેલ **SLP No.14124/2012** અને **SLP No.14125/2012** ના ચુકાદાને આધીન રહેશે.

૩. રાષ્ટ્રીયતા :

ઉમેદવાર ભારતનો નાગરિક હોવો જોઈએ. અથવા ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી (સામાન્ય) નિયમો, ૧૯૬૭ ના નિયમ-૭ ની જોગવાઇ મુજબની રાષ્ટ્રીયતા ધરાવતો હોવા જોઇએ.

૪. (૧) વયમર્યાદા અને શૈક્ષણિક લાયકાતની વિગતો :

(ક) તા. ૦૨/૧૧/૨૦૧૮ના રોજ ઉમેદવારની ઉંમર ૧૮ વર્ષથી ઓછી નહિ અને ૩૩ વર્ષથી વધુ ન હોવી જોઈએ.

(ખ) સીધી ભરતીથી પસંદગીમાં નિમણૂંકપાત્ર થવા માટે ઉમેદવાર ઉચ્ચત્તર માધ્યમિક શાળા પ્રમાણપત્ર પરીક્ષા એચ.એસ.સી.(ધોરણ-૧૨) અથવા તેની સમકક્ષ સરકારે માન્ય કરેલ શૈક્ષણિક લાયકાત ધરાવતા હોવા જોઇશે. તેમજ આવી શૈક્ષણિક લાયકાત ન ધરાવતા ઉમેદવારોએ અરજી કરવી નહી

(ગ) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમો, ૧૯૬૭માં ઠરાવ્યા પ્રમાણેની કોમ્પ્યુટરના ઉપયોગ અંગેની પાયાની જાણકારી ધરાવતા હોવા જોઈશે.

(ઘ) ઉમેદવાર ગુજરાતી અથવા હિન્દી અથવા બંને ભાષાનું પૂરતું જ્ઞાન ધરાવતા હોવા જોઇશે.

નોંધ:

(૧) કારકુન અને "ઓફીસ આસીસ્ટન્ટ" વર્ગ-૩ સંવર્ગના ભરતી નિયમોમાં નિયત થયેલ શૈક્ષણિક લાયકાતના અગત્યના મુદ્દાઓનો અરજીપત્રકમાં સમાવેશ કરવામાં આવેલ છે. પરંતુ આખરી પસંદગી સમયે ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ જોગવાઈઓને ધ્યાને લેવામાં આવશે. ઉમેદવારે જાહેરાતમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાતની તમામ વિગતો ધ્યાને લઈને જ અરજીપત્રકમાં વિગતો ભરવાની રહેશે.

(૨) કારકુન "ઓફીસ આસીસ્ટન્ટ" સંવર્ગની ઉપલી વયમર્યાદા માટે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમો-૧૯૬૭ તેમજ ભરતી નિયમોમાં દર્શાવેલ જોગવાઇ અને સામાન્ય વહીવટ વિભાગના તા.૨૯/૯/૨૦૧૨ અને તા.૦૬/૧૦/૨૦૧૫ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૧૨૦૦૮/૨૮૨૩૨૩/ગ-૫ ની જોગવાઇઓ તેમજ તે અન્વયે વખતો વખત થયેલ સુધારાને ધ્યાને લેવામાં આવેલ છે.

૪ (૨). વયમર્યાદામાં છૂટછાટ :-

સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારો, અનામત વર્ગના પુરૂષ તથા મહિલા ઉમેદવારો તેમજ માજી સૈનિક, શારિરીક વિકલાંગ ઉમેદવારો અને સરકારી સેવામાં અગાઉથી ફરજ બજાવતા હોય તેવા ઉમેદવારોને નીચે મુજબ નિયમોનુસાર છૂટછાટ મળવાપાત્ર છે.

(૧) કારકુન અને "ઓફીસ આસીસ્ટન્ટ" વર્ગ-૩ સંવર્ગની જગા માટે સામાન્ય વર્ગની મહિલા ઉમેદવારોને મહિલા તરીકેના પાંચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

(૨) કારકુન અને "ઓફીસ આસીસ્ટન્ટ" વર્ગ-૩ સંવર્ગની જગાઓ પૈકી જે તે અનામત વર્ગના ઉમેદવારો માટે જગાઓ અનામત દર્શાવેલ છે તેવા વર્ગના પુરૂષ ઉમેદવારોને પાંચ વર્ષની છૂટછાટ અને મહિલા ઉમેદવારોને અનામત વર્ગ તરીકેના પાંચ અને મહિલા તરીકેના પાંચ વર્ષ મળી કુલ-૧૦(દશ) વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે. પરંતુ જે તે અનામત વર્ગ માટે અનામત જગા દર્શાવેલ નથી તેવા વર્ગના પુરૂષ ઉમેદવારોને કોઇ છૂટછાટ મળશે નહીં પરંતુ મહિલા ઉમેદવારોને મહિલા તરીકેના પાંચ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

(૩) સામાન્ય વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને ૧૦ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

(૪) સામાન્ય વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને ૧૫ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે.

(૫) અનામત વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને જે તે અનામત વર્ગ માટે જગાઓ અનામત હશે તેવી કેટેગરીના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને ૧૫ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે. જ્યારે જે તે અનામત વર્ગ

માટે જગાઓ અનામત ન હોય તેવા જે તે અનામત વર્ગના વિકલાંગ પુરૂષ ઉમેદવારોને ૧૦ વર્ષની જ છુટછાટ મળવાપાત્ર થશે.

(૬) અનામત વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને જે તે અનામત વર્ગ માટે જગાઓ અનામત હશે તેવી કેટેગરીના વિકલાંગ મહિલા ઉમેદવારોને ૨૦ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે. જ્યારે જે તે અનામત વર્ગ માટે જગાઓ અનામત ન હોય તેવા જે તે અનામત વર્ગના વિકલાંગ મહિલા ઉમેદવારોને ૧૫ વર્ષની જ છુટછાટ મળવાપાત્ર થશે.

(૭) કારકુન અને "ઓફીસ આસીસ્ટન્ટ" વર્ગ-૩ સંવર્ગની જગાઓમાં **S.E.B.C.**કેટેગરી(સા. શૈ.પ.વર્ગ) ના ઉમેદવારો માટે જગાઓ અનામત છે તેવા **S.E.B.C.**કેટેગરી(સા.શૈ.પ.વર્ગ) ના ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે કઢાવેલ નોન-ક્રીમીલેયર સર્ટિફીકેટ તા.**૦૧/૦૪/૨૦૧૬ થી તા.૦૨/૧૧/૨૦૧૮** દરમિયાન મેળવેલ હોય તેવું પ્રમાણપત્ર ધરાવતાં હશે તો જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ તેમજ કેટેગરીની અનામત જગાનો લાભ મળશે. અન્યથા તેઓ સામાન્ય કેટેગરીના ઉમેદવાર તરીકે ઉમેદવારી નોંધાવી શકશે. અને તે કિસ્સામાં વયમર્યાદા, પરીક્ષા ફી માંથી મુક્તિ તેમજ અનામત જગા પર પસંદગીનો લાભ મળવાપાત્ર થશે નહી.

)૮ (અનામત વર્ગના તમામ ઉમેદવારોએ જાતિ અંગેનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં મેળવેલ હોવું જોઇશે.

(૯) ઉમેદવાર, ખોડખાંપણની ૪૦% કે તેથી વધુ ટકાવારી ધરાવતાં હોવાનું સિવિલ સર્જનનું સર્ટીફીકેટ ધરાવતાં હશે, તો જ વિકલાંગ ઉમેદવાર તરીકે ઉપલી વયમર્યાદા અને અનામતનો લાભ મળશે. શારીરિક અશક્તતા અંગે સામાન્ય વહીવટ વિભાગના તા.૧-૧૨-૨૦૦૮ ના પરીપત્ર ક્રમાંકઃપરચ-૧૦૨૦૦૮–૪૬૯૫૪૦-ગ-૨ અને ત્યારબાદ સરકારશ્રીના વખતો વખતના સુધારા પરિપત્રથી નિયત થયેલ નમૂનામાં સરકારી હોસ્પિટલના સુપ્રિન્ટેન્ડેન્ટ/સિવિલ સર્જન/મેડીકલ બોર્ડ દ્વારા આપવામાં આવેલ પ્રમાણપત્ર માન્ય ગણવામાં આવશે.

(૧૦) ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય)નિયમો-૧૯૬૭ ની જોગવાઇ મુજબ જે ઉમેદવારો રાજય સરકારની સેવામાં(ફીડર કેડર)માં હોય તેવા ઉમેદવારોની તરફેણમાં ઉપલી વયમર્યાદામાં કારકુન અને "ઓફીસ આસીસ્ટન્ટ" વર્ગ-૩ સંવર્ગની જગા માટે ત્રણ વર્ષની છૂટછાટ મળવાપાત્ર થશે. આ માટે ફીડર કેડર તરીકે રાજય સરકારની સેવાના વર્ગ-૪ ના કર્મચારીઓ તથા નશાબંધી અને આબકારી ખાતાના કોન્સ્ટેબલ ગણાશે.

(૧૧) માજી સૈનિક સિવાય તમામ કેટેગરીના ઉમેદવારોને ઉપલી વયમર્યાદામાં મળવાપાત્ર છૂટછાટ સાથેની ઉંમર નિયત તારીખે કોઈપણ સંજોગોમાં ૪૫ વર્ષ કરતાં વધવી જોઈએ નહીં.

૫. **<u>કોમ્પ્યુટરની જાણકારી</u>**

ઉમેદવાર રાજય સરકારના સામાન્ય વહીવટ વિભાગના તા.૧૩/૦૮/૨૦૦૮ તેમજ તા.૧૮/૦૩/૨૦૧૬ ના સરકારી ઠરાવ નંબર:- સીઆરઆર-૧૦-૨૦૦૭-૧૨૦૩૨૦-ગ.૫ થી નકકી કરેલ અભ્યાસક્રમ મુજબ કોમ્પ્યુટર અંગેનું બેઝીક નોલેજ ધરાવતા હોવા અંગેનું કોઈપણ તાલીમી સંસ્થાનું પ્રમાણપત્ર/માર્કશીટ ધરાવતા હોવા જોઈશે. અથવા સરકાર માન્ય યુનિવર્સિટી અથવા સંસ્થામાં કોમ્પ્યુટર જ્ઞાન અંગેના કોઈપણ ડિપ્લોમા/ડીગ્રી કે સર્ટીફિકેટ કોર્ષ કરેલ હોય તેવા પ્રમાણપત્રો અથવા ડીગ્રી કે ડીપ્લોમા અભ્યાસક્રમમાં કોમ્પ્યુટર એક વિષય તરીકે હોય તેવા પ્રમાણપત્રો અથવા ધોરણ-૧૦ અથવા ધોરણ-૧૨ ની પરીક્ષા કોમ્પ્યુટરના વિષય સાથે પસાર કરેલ હોય તેવા પ્રમાણપત્રો ધરાવતા હોવા જોઈશે. આ તબકકે આવું પ્રમાણપત્ર ન ધરાવતા ઉમેદવારો પણ અરજી કરી શકશે. પરંતુ આવા ઉમેદવારોએ નિમણૂંક સત્તાધિકારી સમક્ષ કોમ્પ્યુટરની બેઝીક નોલેજની પરીક્ષા પાસ કર્યાનું આવું પ્રમાણપત્ર નિમણૂંક મેળવતાં

પહેલા અચુક રજુ કરવાનું રહેશે. અન્યથા નિમણૂંક સત્તાધિકારી આવા કિસ્સામાં ઉમેદવારોની પસંદગી **"રદ"** કરી શકશે.

૬. શૈક્ષણિક લાયકાત/વયમર્યાદા માટે નિર્ધારિત તારીખ :

તમામ ઉમેદવારોનાં કિસ્સામાં શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા, નોન-ક્રીમીલેયર સર્ટી અને અન્ય જરૂરી લાયકાત માટે તા. ૦૨/૧૧/૨૦૧૮ ની સ્થિતિને ધ્યાનમાં લેવામાં આવશે.

૭. અરજી કરવાની રીત :-

આ જાહેરાતના સંદર્ભમાં મંડળ ધ્વારા ઓન લાઈન અરજી જ સ્વીકારવામાં આવશે. જે અન્વયે ઉમેદવારોએ જાહેરાતમાં દર્શાવ્યા **તા.૧૨/૧૦/૨૦૧૮ (બપોરના ૧૪-૦૦ કલાક)** થી **તા.૦૨/૧૧/૨૦૧૮ (સમય રાત્રીના ૨૩-૫૯ કલાક)** દરમિયાન **"https://ojas.gujarat.gov.in"** વેબસાઈટ પર ઓન-લાઈન અરજીપત્રક ભરી શકશે. તેમ છતાં કોઇ ઉમેદવાર એક કરતાં વધુ અરજી રજીસ્ટર્ડ કરશે તો તેવા ઉમેદવારોના કિસ્સામાં સૌથી છેલ્લે કન્ફર્મ થયેલી અરજી માન્ય ગણીને તે સિવાયની બાકીની તમામ અરજીઓ રદ થશે.

<u>ઉમેદવારે અરજીપત્રક ભરવા માટે</u>:-

(૧) સૌ પ્રથમ **"https://ojas.gujarat.gov.in"** વેબસાઈટ પર જવું. અને ત્યાર બાદ

(૨) "**Online Application**" માં જઇ "**Apply**" પર **Click** કરવું.

(૩) ઉમેદવારે **Select Advertisement by Department માંથી GSSSB (ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ)** સિલેકટ કરવું. અને **જાહેરાત ક્રમાંક: ૧૫૦/૨૦૧૮૧૯** માટે ઉમેદવારી કરવા માંગતા હોય તે જાહેરાતના સંવર્ગના નામ પર **Click** કરવાથી સ્ક્રીન પર **More Details** અને **Apply now** ના ઓપ્શન ખુલશે. જેમાં **More Details** પર **Click** કરવાથી વિગતવાર જાહેરાતની વિગતો જોવા મળશે. જે ઉમેદવારોએ વાંચી જવી.

(૪) જયારે **"Apply now"** પર **Click** કરી ત્યાર પછી **skip** પર **Click** કરવાથી **Application Format** ખુલશે જેમાં સૌ પ્રથમ **"Personal Details"** ઉમેદવારે ભરવી. (અહીં લાલ ફુંદડી (*) નિશાની હોય તેની વિગતો ફરજિયાત ભરવાની રહેશે.)

(૫) Personal Details ભરાયા બાદ "Communication Details", **" Other Details", "Lnguage Details" અને "Education Details"** ની વિગતો ઉમેદવારે ભરવી.

(૬) તેની નીચે "Assurance (બાંહેધરી)" માં ઉપરની શરતો સ્વીકારવા માટે "Yes" પર **Click** કરવું. હવે અરજી પૂર્ણ રીતે ભરાઈ ગયેલ છે.

(૭) હવે **"save"** પર Click કરવાથી ઉમેદવારનો "Application Number" generate થશે. જે ઉમેદવારે સાચવીને રાખવાનો રહેશે.

(૮) હવે Upload માં જઇ Photo/ Signature પર Click કરો અહીં તમારો application number type કરો અને તમારી Birth date type કરો. ત્યારબાદ ok પર Click કરવું. અહીં photo અને signature upload કરવાના છે. (Photo નું માપ ૫ સે.મી. ઉંચાઈ અને ૩.૬ સે.મી. પહોળાઈ અને Signature નું માપ ૨.૫ સે.મી. ઉંચાઈ અને ૭.૫ સે.મી. પહોળાઈ રાખવી.) (photo અને signature upload કરવા સૌ પ્રથમ તમારો photo અને signature jpg format માં (15 kb) સાઈઝથી વધે નહિ તે રીતે સ્કેન કરી computer માં સેવ કરેલા હોવા જોઈશે.) photo અને signature અપલોડ કરવા માટે "browse" button" પર Click કરો. હવે choose file ના સ્ક્રીનમાંથી જે ફાઈલમાં jpg format માં તમારો photo store થયેલ છે, તે ફાઈલને select કરો અને "open" button ને Click કરો. હવે "browse" button ની બાજુમાં "upload" button પર Click કરો. હવે

બાજુમાં તમારો photo દેખાશે. હવે આજ રીતે signature પણ upload કરવાની રહેશે. જે photo અને signature અપલોડ કરવામાં આવ્યા હશે તે જ photo લેખિત પરીક્ષાના હાજરીપત્રકમાં ચોંટાડવાનો રહેશે તથા તેવી જ **signature** કરવાની રહેશે તેમજ આ ભરતી પ્રક્રિયાના નિમણૂંક સુધીના દરેક તબક્કે મંડળ/સંબંધિત ખાતાના વડા માંગે ત્યારે તેવો જ ફોટો રજુ કરવાનો રહેશે. આથી ફોટોગ્રાફની ચાર થી પાંચ કોપીઓ કઢાવી રાખવી. જુદા જુદા તબક્કે જુદા જુદા ફોટોગ્રાફ રજુ થશે તો ફાળવણી/નિમણૂંકમાં બાધ આવી શકશે. જેની જવાબદારી ઉમેદવારની પોતાની રહેશે.

(૯) હવે પેજના ઉપરના ભાગમાં "**Online Application**" માં જઇ **"Confirm"** પર Click કરો અને "Application number" તથા Birth Date type કર્યા બાદ Ok પર Click કરવાથી ઉમેદવારની બેઝિક માહિતી દેખાશે. જે ચકાસી લેવી અને અરજીમાં સુધારો કરવાની જરૂર જણાય તો "Online Application" માં edit માં જઇ અરજીમાં સુધારો કરી લેવો. અરજી કન્ફર્મ કર્યા પહેલા કોઈપણ પ્રકારનો સુધારો થઈ શકશે. પરંતુ અરજી કન્ફર્મ થયા બાદ કોઈપણ પ્રકારનો સુધારો શક્ય બનશે નહી. તેથી સંપૂર્ણ ચકાસણી બાદ જો અરજી સુધારવાની જરૂર ના જણાય તો તેની નીચે આપેલ **Confirm Application પર** Click કરવાથી કન્ફર્મ માટેનું બોક્ષ ઓપન થશે. જેમાં **Ok** પર Click કરવાથી **Confirmation** નંબર જનરેટ થશે. અને ઉમેદવારની અરજીનો online સ્વીકાર થઈ જશે. **Confirmation** નંબર હવે પછીની બધી જ કાર્યવાહી માટે જરૂરી હોઈ, ઉમેદવારે સાચવવાનો રહેશે. એકવાર ઓનલાઇન અરજી કન્ફર્મ થયા બાદ, તેમાં કોઇપણ પ્રકારનો ફેરફાર ઉમેદવાર કે મંડળ દ્વારા થઇ શકશે નહીં. હવે તેની નીચે **Print Application** અને **Print Chalan** નું ઓપ્શન દેખાશે. ઉમેદવારે **Print Application** પર Click કરી એપ્લીકેશનની પ્રિન્ટની નકલ કાઢી સાચવી રાખવી. જનરલ કેટેગરીના ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવા માટે **Chalan** ની પ્રિન્ટ મેળવી લેવી.

અરજીમાં દર્શાવેલી વિગતોને અનુરૂપ પ્રમાણપત્રો મંડળ માંગે ત્યારે ઉમેદવારે રજૂ કરવાના રહેશે. આથી, ઉમેદવારે પ્રથમ તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે પોતાનું નામ, પતિ/પિતાનું નામ, અટક, જન્મતારીખ, શૈક્ષણિક લાયકાત, જાતિ(કેટેગરી), જેન્ડર(મેલ/ફીમેલ), માજી સૈનિક, સ્પોર્ટસ, શા.ખો.ખાં., વિધવા વગેરે બાબતોની બારીક ચકાસણી કરી લઇને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજીમાં દર્શાવવાની રહેશે. મંડળ દ્વારા ચકાસણી સારુ પ્રમાણપત્રો માંગવામાં આવે ત્યારે ઓનલાઇન અરજીપત્રકમાં દર્શાવેલ વિગતો અને ઉમેદવાર દ્વારા મંડળ સમક્ષ રજૂ કરવામાં આવતાં પ્રમાણપત્રોમાં કોઇપણ જાતની વિસંગતતા માલૂમ પડશે તો, તેવી ઉમેદવારી મંડળ દ્વારા જે તે તબક્કેથી ‘રદ’ કરવામાં આવશે. ખોટી કે અધૂરી વિગતોને કારણે ક્ષતિયુક્ત અરજી રદ કરવામાં આવે તો, તેમાં મંડળની કોઇ જવાબદારી રહેશે નહીં. આથી, ઉમેદવારોને તેમની પાસેના પ્રમાણપત્રોને આધારે અને તેને અનુરૂપ વિગતો ઓનલાઇન અરજી કરતી વખતે દર્શાવવાની ખાસ કાળજી રાખવા જણાવવામાં આવે છે.

(૧૦) હવે "**Online Application**" માં જઇ **Print Application Form / Pay Fees** પર Click કરવું. અહીં **Select Job** માંથી જાહેરાત ક્રમાંક સિલેકટ કરીને તમારો **confirmation number** ટાઈપ કરવો અને જન્મતારીખ ટાઇપ કરી **Print Application Form** પર Click કરવાથી તમારી અરજી ઓપન થશે. જેની પ્રિન્ટની નકલ કાઢી સાચવી રાખવી.

નોંધ:- જાહેરાત ક્રમાંક:**૧૫૦/૨૦૧૮૧૯,** કારકુન અને “ઓફીસ આસીસ્ટન્ટ” વર્ગ-૩ સંવર્ગના ભરતી નિયમોમાં દર્શાવેલ શૈક્ષણિક લાયકાત, વયમર્યાદા તેમજ ઓનલાઈન અરજી ભરવા સંબંધિત કોઈ

માર્ગદર્શનની આવશ્યકતા જણાય તો તે **હેલ્પલાઈન ટોલ ફ્રી નંબર-૧૮૦૦૨૩૩૫૫૦૦** તેમજ મંડળની કચેરીના ફોન નંબર:**-૦૭૯- ૨૩૨૫૩૬૨૭** પર સંપર્ક કરી શકાશે.

૮. પરીક્ષા ફી :-

- ફોર્મ ભરતી વખતે "General" કેટેગરી Select કરી હોય (દર્શાવી હોય) તેવા (PH તથા Ex.Serviceman કેટેગરી સિવાયના) તમામ ઉમેદવારોએ પરીક્ષા ફી ભરવાની રહેશે.
- અરજી ફોર્મમાં નીચે મુજબની કેટેગરી Select કરનાર ઉમેદવારોએ કોઇપણ પ્રકારની પરીક્ષા ફી ભરવાની રહેશે નહીં.
  - **(ક)** અનુસૂચિત જાતિ (SC)
  - **(ખ)** અનુસૂચિત જન જાતિ (ST)
  - **(ગ)** સામાજીક અને શૈક્ષણિક રીતે પછાતવર્ગ (SEBC)
  - **(ઘ)** માજી સૈનિક (Ex.Serviceman) તમામ કેટેગરીના
  - **(ચ)** શારિરીક ખોડખાંપણ ધરાવતા ઉમેદવારો (PH) તમામ કેટેગરીનાં
- જે ઉમેદવારોએ ફી ભરવાની છે તેવા ઉમેદવારો જયારે **OJAS** વેબસાઇટ પર પોતાની અરજી સબમીટ કરે ત્યારે તેઓને પરીક્ષા ફી ભરવા માટે ઓન લાઇન ઉપલબ્ધ ચલણની ૩ નકલોની એક પાના ઉપર પ્રિન્ટ મેળવવાની સુચના મળશે. ઉમેદવારોએ આ પાનાની પણ પ્રિન્ટ મેળવી લેવાની રહેશે, ઉમેદવારોએ ચલણ સાથે કોઇપણ કોમ્પ્યુટરાઇઝડ પોસ્ટ ઓફીસમાં જઇને, **પરીક્ષા ફી પેટે રૂ. ૧૦૦/- રોકડા + રૂ.૧૨/- પોસ્ટલ ચાર્જીસ** ભરી દેવાના રહેશે. ચલણની એક નકલ પોસ્ટ ઓફીસ રાખી લેશે અને બે નકલ ઉમેદવારને પોસ્ટ ઓફિસનો સિક્કો અને સ્ટીકર લગાવીને પરત આપશે.
- પોસ્ટ ઓફીસમાં પરીક્ષા ફી ભરવાની છેલ્લી **તા.૦૬/૧૧/૨૦૧૮** (કચેરી સમય સુધી) ની રહેશે.
- અન્ય કોઇ રીતે પરીક્ષા ફી સ્વીકારવામાં આવશે નહીં.
- પરીક્ષા ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી તેમજ તે ફી અન્ય કોઇ પરીક્ષા માટે અનામત તરીકે રાખવામાં આવશે નહીં. પરીક્ષા ફી ભરવાપાત્ર ઉમેદવારોની ફી ભર્યા વગરની અરજી માન્ય રહેશે નહીં.
- "General" કેટેગરી Select કરનાર (શારીરિક ખોડખાંપણ તથા માજી સૈનિક કેટેગરી સિવાયના) ઉમેદવારો ફી ભરવાની નિયત સમયમર્યાદામાં પરીક્ષા ફી નહીં ભરે તો તેવા ઉમેદવારોનું અરજી ફોર્મ કોઇપણ જાતની જાણ કર્યા વગર મંડળ દ્વારા "**રદ**" કરવામાં આવશે.

૯. પરીક્ષા પધ્ધતિ :-

મંડળ દ્વારા નિયત સમયમર્યાદામાં ઓન-લાઇન મળેલ અરજીઓની પ્રાથમિક ચકાસણી (એક કરતાં વધુ અરજી કરેલ છે કે કેમ ? અને પરીક્ષા ફી ભરેલ છે કે કેમ ?) કરીને લાયક ઉમેદવારોની રાજય સરકારશ્રીના સામાન્ય વહીવટ વિભાગના તા.૦૪/૦૧/૨૦૧૬ ના જાહેરનામા ક્રમાંક: GS/2015/2/BRT/102015/315/K થી મંજૂર કરવામાં આવેલ પરીક્ષા પધ્ધતિ અનુસાર (૧) પ્રથમ તબક્કામાં લેખીત **સ્પર્ધાત્મક કસોટી (OMR) ભાગ-૧** અને (૨) ત્યારબાદ બીજા તબક્કામાં કુલ જગાના અંદાજીત મેરીટના ધોરણે કેટેગરી વાઈઝ ત્રણ ગણા ઉમેદવારોની **કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી(કાર્યક્ષમતા) ટેસ્ટ ભાગ-૨** - એમ બે કસોટીઓ લેવામાં આવશે. જેની વિગતો નીચે મુજબની રહેશે.

(ક) ભાગ-૧ : લેખિત કસોટી : ઓપ્ટીકલ માર્ક રીડીંગ (OMR) પ્રશ્નપત્ર, ગુણ : ૨૦૦, સમય: બે કલાક.

૧	ગુજરાતનો ઇતિહાસ અને સંસ્કૃતિ	૨૫ ગુણ
૨	ગુજરાતી વ્યાકરણ	૨૫ ગુણ

૩	અંગ્રેજી વ્યાકરણ	૨૫ ગુણ
૪	ભારત અને ગુજરાતના વર્તમાન બનાવો, સામાન્ય વિજ્ઞાન, એપ્ટીટ્યુડ ક્વોન્ટીટેટીવ.	૫૦ ગુણ
૫	કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારીના સંદર્ભમાં કોમ્પ્યુટર થીયરી. એપેન્ડીક્ષ- G.	૨૫ ગુણ
૬	જાહેર વહીવટ અને ભારતનું સંવિધાન	૫૦ ગુણ
	કુલ	**૨૦૦ ગુણ**

નોંધ : (૧) **(i)** પરીક્ષા Multiple Choice Question (MCQ) અને Optical Mark Reader (OMR) પધ્ધતિની રહેશે. **(ii)** દરેક પ્રશ્નનો ૦૧ (એક) ગુણ રહેશે. **(iii)** ઉમેદવારે બધા પ્રશ્નોના જવાબ આપવાના રહેશે. (iv) ખોટા જવાબ દીઠ, છેકછાક વાળા જવાબદીઠ કે એક કરતાં વધુ વિકલ્પ પસંદ કરેલા જવાબદીઠ મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી કરવામાં આવશે, નેગેટીવ માર્કીંગ લાગુ પડશે. **(v)** દરેક પ્રશ્નના જવાબોમાં એક વિકલ્પ **"E"** "Not attempted" રહેશે, ઉમેદવાર કોઇ પ્રશ્નનો જવાબ આપવા ના ઇચ્છતા હોય તો, આ વિકલ્પ પસંદ કરી શકશે અને "Not attempted" વિકલ્પ પસંદ કરવાના કિસ્સામાં નેગેટીવ માર્કીંગ લાગુ પડશે નહીં. **(vi)** પ્રશ્નના આપેલા બધા વિકલ્પોમાંથી કોઇ પણ વિકલ્પ પસંદ નહીં કરવામાં આવે તો, મેળવેલ ગુણમાંથી ૦.૨૫ ગુણ કમી (નેગેટીવ માર્કીંગ) કરવામાં આવશે.

(૨) લેખિત પરીક્ષામાં ઉત્તીર્ણ થનાર ઉમેદવારોને ભાગ-૨ કોમ્પ્યુટર પ્રોફિશીયન્સી (કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટી માટે બોલાવવામાં આવશે. કુલ ખાલી જગાના અંદાજે મેરીટના ધોરણે કેટેગરીવાર ત્રણ ગણા જેટલા ઉમેદવારોને કોમ્પ્યુટર પ્રોફિશીયન્સી(કાર્યક્ષમતા) કસોટી માટે બોલાવવામાં આવશે.

(૩) ઉપર **ક (૫) (પાંચ)** માં દર્શાવેલ કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારીના સંદર્ભમાં કોમ્પ્યુટર થીયરી અંગે નો અભ્યાસક્રમ જાહેરાતના અંતે જોડેલ એપેન્ડીક્ષ- G મુજબ નો રહેશે.

(ખ) ભાગ-૨:કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી(કાર્યક્ષમતા કસોટી) ગુણ:૧૦૦, સમય:૧ કલાક ૩૦ મીનીટ.

૧	ગુજરાતી ટાઇપીંગ કસોટી	૨૦ ગુણ
૨	અંગ્રેજી ટાઇપીંગ કસોટી	૨૦ ગુણ
૩	કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારીના સંદર્ભમાં કોમ્પ્યુટર પ્રેકટીકલ કસોટી. એપેન્ડીક્ષ- H	૬૦ ગુણ
	કુલ	**૧૦૦ ગુણ**

નોંધ: ઉપર ખ (૩) (ત્રણ) માં દર્શાવેલ કોમ્પ્યુટરના ઉપયોગની પાયાની જાણકારીના સંદર્ભમાં કોમ્પ્યુટર પ્રેકટીકલ કસોટી અંગે નો અભ્યાસક્રમ જાહેરાત ના અંતે જોડેલ એપેન્ડીક્ષ- H મુજબ નો રહેશે.

(ગ) લઘુત્તમ લાયકી ધોરણ:

મેરીટ યાદી તૈયાર કરવા માટેનું લાયકી ધોરણ મંડળ ઠરાવશે. પરંતુ પરીક્ષા નિયમોની જોગવાઇ મુજબ, કોઇપણ સંજોગોમાં અનામત કેટેગરી સહિતની તમામ કેટેગરીના ઉમેદવારો માટે લઘુત્તમ લાયકી ધોરણ,

દરેક કસોટી માટે કુલ ગુણના ૪૦ % ગુણ રહેશે. લેખિત કસોટીમાં મેરીટના ધોરણે ઉત્તીર્ણ થનાર ઉમેદવારો પૈકી કુલ ખાલી જગાઓની સંખ્યાના કેટેગરીવાર ૩ (ત્રણ) ગણા ઉમેદવારોને કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી (કાર્યક્ષમતા) કસોટી માટે બોલાવવામાં આવશે.

(ઘ) (૧) કારકુન અને "**ઓફીસ આસીસ્ટન્ટ**" વર્ગ-૩ સંવર્ગની જગા માટેની મેરીટ યાદી ભાગ-૧ : લેખિત કસોટી : ઓપ્ટીકલ માર્ક રીડીંગ (OMR) પ્રશ્નપત્ર તથા ભાગ-૨: કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી(કોમ્પ્યુટર કાર્યક્ષમતા) કસોટી બંનેમાં મેળવેલ સંયુક્ત ગુણના આધારે તૈયાર કરવામાં આવશે.

(૨) આ જાહેરાત હેઠળની જગા માટે મૌખીક કસોટી લેવામાં આવશે નહીં.

(૩) પસંદગી યાદી તૈયાર કરવાની પધ્ધતિ:-

ઉમેદવારોએ ઉકત પ્રથમ તબક્કા ભાગ-૧ ની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષા અને બીજા તબક્કા ભાગ-૨ ની કોમ્પ્યુટર પ્રોફિસીયન્સી ટેસ્ટ **-** એમ બંને કસોટીમાં મેળવેલ સંયુક્ત ગુણના મેરીટસના આધારે કેટેગરીવાઇઝ ભરવાની થતી જગાની વિગતો ધ્યાને લઇ પસંદગી યાદી તૈયાર કરવામાં આવશે.

સામાન્ય વહિવટ વિભાગના તા.૨૭/૦૭/૨૦૧૮ના ઠરાવ ક્રમાંક:પીએસસી/૧૦૮૯/૩૯૧૦/ગ-૨ ની જોગવાઇ મુજબ; " રાજ્ય સરકારની જે સેવાઓ/જગ્યાઓ ઉપર સંયુક્ત સ્પર્ધાત્મક પરીક્ષાના પરીણામના આધારે કોઇ એકથી વધુ વર્ગ/સંવર્ગની સંયુક્ત પસંદગી યાદી તૈયાર કરી નિમણૂંક આપવાની થતી હોય તેવા કિસ્સામાં ફક્ત સંયુક્ત પસંદગી યાદી તૈયાર કરવાની રહેશે, પરંતુ પ્રતિક્ષાયાદી તૈયાર કરવાની રહેશે નહીં.

૧૦. સામાન્ય શરતો:-

(૧) જાહેરાતમાં જે કેટેગરીના ઉમેદવારો માટે જગાઓ અનામત છે તેવી કેટેગરીના ઉમેદવારને જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે. બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ માજી સૈનિકો સિવાય વધુમાં વધુ ૪૫ વર્ષથી વધે નહીં તે રીતે જ ઉપલી વયમર્યાદામાં છૂટછાટ મળશે.

(૨) બિનઅનામત તથા અનામત વર્ગોના મહિલા ઉમેદવારોને પણ બધી જ મળવાપાત્ર છુટછાટ ગણતરીમાં લીધા બાદ વધુમાં વધુ ૪૫ વર્ષની ઉંમર સુધી જ ઉપલી વયમર્યાદામાં છુટછાટ મળશે.

(૩) (૧) અનામત વર્ગના ઉમેદવારોએ **જાતિ અંગેનું સક્ષમ સત્તાધિકારીનું પ્રમાણપત્ર ગુજરાત સરકાર દ્વારા વખતો વખત નિયત કરેલ નમૂનામાં** મેળવેલ હોવું જોઇશે. **(૨)** સા. અને શૈ. પ.વર્ગના ઉમેદવારોએ ઉન્નત વર્ગમાં સમાવેશ ન થતો હોવા અંગેનું સામાજીક ન્યાય અને અધિકારીતા વિભાગના તા.૨૭/૦૪/૨૦૧૦ ના ઠરાવ ક્રમાંક- સસપ/૧૧૦૯/૧૬૬૩/અ ની જોગવાઈ મુજબ થી નિયત થયેલ નમુના પરિશિષ્ટ-૪ તથા તા.૨૬/૦૪/૨૦૧૬ના ઠરાવ ક્રમાંક:સશપ/ ૧૨૨૦૧૫/ ૪૫૫૨૪૬/ અ તેમજ તા.૧૮/૦૮/૨૦૧૭ ના ઠરાવ ક્રમાંક: સશપ/ ૧૨૨૦૧૭/ ૧૨૪૩૮૨/ અ ની જોગવાઈ મુજબ, **તા.૦૧/૦૪/૨૦૧૬** થી અરજી કરવાની છેલ્લી **તા.૦૨/૧૧/૨૦૧૮** દરમિયાન મેળવેલ અસલ પ્રમાણપત્રનો નંબર અને તારીખ ઓનલાઈન અરજી કરતી વખતે દર્શાવવાનાં રહેશે.

સક્ષમ અધિકારી ધ્વારા અપાયેલ આવું પ્રમાણપત્ર રજુ ન કરી શકનાર ઉમેદવારો સામાન્ય ઉમેદવારો માટે નક્કી થયેલ વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી **રદ** થશે. સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારોએ રાજય સરકારની નોકરી માટે માન્ય કરાયેલ નિયત નમુનામાં નોન ક્રિમિલીયર સર્ટી અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજૂ કરવાનુ રહેશે. **(3)** સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના પરિણીત મહિલા ઉમેદવારે આવુ નોન ક્રીમીલેયર પ્રમાણપત્ર તેમના માતા- પિતાની આવકના સંદર્ભમાં રજુ કરવાનું રહેશે. જો આવા ઉમેદવારોએ તેમના પતિની આવકના સંદર્ભમાં આવુ પ્રમાણપત્ર રજુ કરેલ હશે તો તેની ઉમેદવારી રદ કરવામાં

આવશે. **(૪)** જો સામાજીક અને શૈક્ષણિક રીતે પછાત વર્ગના ઉમેદવારે આવું પ્રમાણપત્ર મંડળ ધ્વારા અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ નહિ હોય તો, તેમજ તેઓ બિન અનામત ઉમેદવાર તરીકેની વયમર્યાદામાં આવતા નહીં હોય તો તેઓની ઉમેદવારી માન્ય ગણાશે નહિ. **(૫)** પરીક્ષા ફી ભર્યા બાદ રીફંડ મળવાપાત્ર નથી તેમજ તે ફી અન્ય કોઇ પરીક્ષા માટે અનામત તરીકે રાખવામાં આવશે નહીં. તથા અરજી કર્યા બાદ પરત ખેંચી શકાશે નહિ. **(૬)** બિનઅનામત વર્ગના ઉમેદવારોએ નિયત પરીક્ષા ફી ભરેલ નહીં હોય તો તેઓની અરજી વિચારણામાં લેવામાં આવશે નહીં. **(૭)** આગળની ભરતી પ્રક્રિયા સંદર્ભે મંડળ દ્વારા આપવામાં આવતી જરૂરી સુચનાઓ જોવા માટે મંડળની વેબસાઈટ અવાર નવાર જોતા રહેવું. **(૮)** એથલેટિકસ(ટ્રેક અને ફિલ્ડ રમતો સહિત), બેડમિન્ટન, બાસ્કેટબોલ, ક્રિકેટ, ફુટબોલ, હોકી, સ્વિમીંગ, ટેબલ ટેનિસ, વોલીબોલ, ટેનિસ, વેઈટલિફટીંગ, રેસલિંગ, બોકસિંગ, સાઈકલિંગ, જીમ્નેસ્ટિકસ, જુડો, રાઈફલ શૂટિંગ, કબડ્ડી, ખોખો, તીરંદાજી, ઘોડેસવારી, ગોળાફેંક, નૌકાસ્પર્ધા, શતરંજ, હેન્ડબોલ ની રમતો-ખેલકુદમાં **(1) રાષ્ટ્રીય / આંતરરાષ્ટ્રીય અથવા (2) આંતર યુનિવર્સિટી અથવા (3) અખિલ ભારત શાળા સંઘ ધ્વારા યોજાતી સ્પર્ધાઓમાં** માત્ર પ્રતિનિધિત્વ કરેલ હોય તેવા ઉમેદવારને પસંદગીમાં અગ્રતા માટે તેમને માત્ર પ્રથમ તબક્કા ભાગ-૧ ની સ્પર્ધાત્મક લેખિત પરીક્ષામાં મેળવેલ કુલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. તેથી ઉકત ત્રણ સ્તરની સ્પર્ધાઓમાં ઉમેદવારોએ ભાગ લીધેલ હોય તેવા જ ઉમેદવારોએ અરજીપત્રકમાં જરૂરી વિગતો દર્શાવવાની રહેશે. **ઉકત ત્રણ સ્તર સિવાયની સ્પર્ધાઓમાં ભાગ લીધેલ હોય તો તેને અગ્રીમતા માટે માન્ય ગણવાની રહેતી ન હોવાથી તેવા ઉમેદવારોએ અરજીપત્રકમાં વિગતો દર્શાવવાની રહેશે નહીં.** ઉકત ત્રણ સ્તરની સ્પર્ધાઓમાં ભાગ લીધેલ ઉમેદવારોએ સરકારે તા.૨૫/૨/૧૯૮૦ ના ઠરાવ ક્રમાંક : સીઆરઆર /૧૦૭૭/ ૨૬૬૦ /ગ.ર તથા તા.૧/૮/૧૯૯૦ ના ઠરાવ ક્રમાંક:સીઆરઆર /૧૧૮૮ /૩૬૪૪ /ગ.ર માં નિયત કર્યા મુજબના સત્તાધિકારી પાસેથી નિયત નમૂનામાં મેળવેલ જરૂરી પ્રમાણપત્ર અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરવાનું રહેશે.(નિયત નમૂના મંડળની વેબસાઈટ પર મૂકવામાં આવેલ છે.) આવું પ્રમાણપત્ર ધરાવનાર ઉમેદવાર જ રમતના ગુણ મેળવવા માટે હક્કદાર થશે. **(૯)** સામાન્ય વહીવટ વિભાગના તા.૨૨/૦૫/૧૯૯૭ ના ઠરાવ ક્રમાંકઃ સીઆરઆર/૧૦૯૬/ ૨૨૧૩/ગ.ર માં નિર્દેશિત પ્રવર્તમાન નિયમો અનુસાર વિધવા મહિલા ઉમેદવારો માટે પસંદગીમાં અગ્રતા આપવા માટે તેઓને પ્રથમ તબક્કાની સ્પર્ધાત્મક લેખિત કસોટી તેમજ બીજા તબક્કાની કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી ટેસ્ટ- એમ બંને પરીક્ષામાં મેળવેલ ગુણના ૫ (પાંચ) ટકા ગુણ ઉમેરી આપવામાં આવશે. પરંતુ તેઓએ નિમણૂંક સમયે પુનઃ લગ્ન કરેલા ન હોવા જોઇએ. અને તે અંગે મંડળ માંગે ત્યારે તમામ પુરાવા અસલમાં રજુ કરવાના રહેશે. **(૧૦)** મંડળ તરફથી આપવામાં આવતી જરૂરી સુચનાઓ જોવા માટે મંડળની વેબસાઈટ અવાર નવાર જોતા રહેવું.

૧૧. સામાન્ય સુચનાઓ:-

(૧). ઉમેદવારે અરજીપત્રકમાં ભરેલ વિગતો સમગ્ર ભરતી પ્રક્રિયા માટે આખરી ગણવામાં આવશે અને તેના પુરાવાઓ પ્રમાણપત્રોની ચકાસણી સમયે અસલમાં રજુ કરવાના રહેશે. અન્યથા ઉમેદવારી જે - તે તબકકે **"રદ"** કરવામાં આવશે.

(૨). ઉમેદવાર અરજીપત્રકમાં જે ફોટો upload કરે છે, તેની પાસપોર્ટ સાઈઝના ફોટાની એક કરતાં વધુ કોપીઓ પોતાની પાસે રાખવી અને આ જાહેરાતની સમગ્ર ભરતી પ્રક્રિયામાં તે જ ફોટાની કોપીનો ઉપયોગ

કરવાનો રહેશે. (જેમ કે પરીક્ષા સમયે હાજરીપત્રકમાં લગાવવો તેમજ અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે પણ તે જ ફોટાની કોપી રજુ કરવાની રહેશે.)

(૩). ઉમેદવાર અરજીપત્રક ભરતી વખતે જે મોબાઈલ નંબર દર્શાવે છે તે જ નંબર ચાલુ રાખવો અને ભરતી પ્રક્રીયા પૂર્ણ થાય ત્યા સુધી જાળવી રાખવો.

(૪) મંડળ જે કોઈ ઉમેદવારને **(૧)** તેને ઉમેદવારી માટે કોઈપણ પ્રકારે ટેકો મેળવવા માટે એટલે કે, મંડળના અધ્યક્ષ, સભ્ય અથવા કોઈ અધિકારી પર પ્રત્યક્ષ કે પરોક્ષ લાગવગ લગાડવાનો પ્રયાસ કરવા માટે **(૨)** બીજાનું નામ ધારણ કરવા માટે **(૩)** બીજા પાસે પોતાનું નામ ધારણ કરાવવા માટે **(૪)** બનાવટી ખોટા દસ્તાવેજો અથવા જેની સાથે ચેડા કરવામાં આવ્યા હોય તેવા દસ્તાવેજો સાદર કરવા અથવા ગેરરીતિ આચરવા માટે **(૫)** યથાર્થ અથવા ખોટા અથવા મહત્વની માહિતી છુપાવતા હોય તેવા નિવેદનો કરવા માટે **(૬)** પરીક્ષા માટે તેની ઉમેદવારીના સંબંધમાં અન્ય કોઈ અનિયમિત અથવા અયોગ્ય સાધનોનો આશ્રય લેવા માટે **(૭)** પરીક્ષા દરમ્યાન ગેરવ્યાજબી સાધનોનો ઉપયોગ કરવા માટે એટલે કે અન્ય ઉમેદવારની ઉત્તરવહીમાંથી નકલ કરવા, પુસ્તક, ગાઈડ, કાપલી કે તેવા કોઈપણ છાપેલા કે, હસ્તલિખિત સાહિત્યની મદદથી, મોબાઇલ, અથવા અન્ય ઇલેક્ટ્રોનિક ઉપકરણો સાથે રાખવા કે, તેનો ઉપયોગ કરવો અથવા વાતચીત ધ્વારા નકલ કરવા કે ઉમેદવારને નકલ કરાવવાની ગેરરીતિઓ પૈકી કોઈપણ ગેરરીતિ આચરવા માટે **(૮)** લખાણોમાં અશ્લિલ ભાષા અથવા બિભત્સ બાબત સહિતની અપ્રસ્તુત બાબત લખવા માટે **(૯)** પરીક્ષાખંડમાં અન્ય કોઈ રીતે ગેરવર્તણૂંક કરવા માટે **(૧૦)** પરીક્ષાના સંચાલન કરવા માટે મંડળે રોકેલા સ્ટાફની સીધી કે આડકતરી રીતે હેરાન કરવા અથવા શારીરિક રીતે ઈજા કરવા માટે **(૧૧)** પૂર્વવર્તી ક્રમ- ૧ થી ૧૦ ખંડોમાં નિર્દિષ્ટ કરેલ તમામ અથવા કોઈપણ કૃત્ય કરવાનો પ્રયત્ન કરવા માટે અથવા યથા પ્રસંગ મદદગીરી કરવા માટે અથવા **(૧૨)** પરીક્ષા આપવા માટે તેને પરવાનગી આપતા તેના પ્રવેશપત્રમાં આપવામાં આવેલી કોઈપણ સુચનાનો ભંગ કરવા માટે દોષિત ઠર્યા હોય તો અથવા દોષિત હોવાનું જાહેર કર્યુ હોય તો તે ફોજદારી કાર્યવાહીને પાત્ર થવા ઉપરાંત-**(ક)** મંડળ, જે પરીક્ષાનો ઉમેદવાર હોય તે પરીક્ષામાંથી ગેરલાયક ઠરાવી શકશે, અથવા **(ખ)(૧)** મંડળ, સીધી પસંદગી માટે લેવાતી કોઈપણ પરીક્ષામાં બેસવામાંથી અથવા **(૨)** રાજય સરકાર પોતાના હેઠળની કોઈપણ નોકરીમાંથી કાયમી રીતે અથવા નિર્દિષ્ટ મુદત માટે બાકાત કરી શકશે. **(૧૩)** ગુજરાત જાહેર સેવા આયોગ, અન્ય ભરતી બોર્ડ, અન્ય સરકારી/અર્ધ સરકારી/સરકાર હસ્તકની સંસ્થાઓ દ્વારા ઉમેદવાર કયારેય પણ ગેરલાયક ઠરાવેલ હોય અને ગેરલાયક ઠરાવ્યાનો સમય ચાલુ હશે તો તેવા ઉમેદવારોની ઉમેદવારી જે તે તબક્કે આપોઆપ રદ થવાને પાત્ર બનશે.

(૫) ઉમેદવારે અરજીપત્રકમાં બતાવેલી કોઈપણ વિગત અને અસલ પ્રમાણપત્રોની ચકાસણી સમયે રજુ કરેલ જન્મ તારીખ, શૈક્ષણિક લાયકાત, વય, જાતિ, અનુભવ વિગેરેને લગતા પ્રમાણપત્રો ભવિષ્યમાં જે તે તબકકે ચકાસણી દરમ્યાન ખોટા માલુમ પડશે તો તેની સામે યોગ્ય કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે. આવા ઉમેદવારની ઉમેદવારી મંડળ ધ્વારા **"રદ"** કરવામાં આવશે. તેમજ અન્ય સંવર્ગોની ભરતી માટે પણ ગેરલાયક ઠરાવવામાં આવશે. તેમજ જો પસંદગી/નિમણૂંક થયેલ હશે તો પસંદગી/નિમણૂંક, મંડળ/નિમણૂંક કરનાર સત્તાધિકારી દ્વારા કોઈપણ તબકકે **"રદ"** કરવામાં આવશે.

(૬) મંડળ ધ્વારા લેવાનાર સ્પર્ધાત્મક લેખિત કસોટી કે કોમ્પ્યુટર પ્રોફીસીયન્સી કસોટીમાં ઉત્તીર્ણ થવાથી જ ઉમેદવારને નિમણૂંક માટેનો હક્ક મળી જતો નથી. નિમણૂંક સમયે સત્તાધિકારીને ઉમેદવાર બધી જ રીતે યોગ્ય છે તેમ સંતોષ થાય તો જ ઉમેદવારને નિમણૂંક આપવામાં આવશે.

(૭) પસંદગી પામેલ ઉમેદવારે નિમણૂંક સત્તાધિકારી ઠરાવે તે શરતોને આધિન નિમણૂંક મેળવવાને પાત્ર થશે.

(૮) ઉમેદવાર પોતે પરીક્ષામાં સફળ થયો હોવાના કારણે જ સંબંધિત જગા ઉપર નિમણૂંક કરવાનો દાવો કરવાને હક્કદાર થશે નહીં, નિમણૂંક કરનાર સત્તાધિકારીને પોતાને એવી ખાતરી થાય કે જાહેર સેવા સારૂ ઉમેદવાર યોગ્ય જણાતો નથી તો તેને પડતો મુકી શકાશે. નિમણૂંક બાબતે તેઓનો નિર્ણય આખરી ગણાશે.

(૯) ભરતી પ્રક્રિયા સંપૂર્ણપણે ગુજરાત મુલ્કી સેવા વર્ગીકરણ અને ભરતી(સામાન્ય) નિયમો-૧૯૬૭ (વખતો વખતના સુધારા સહિત) અને તે અન્વયે જે તે સંવર્ગના ઘડવામાં આવેલ ભરતી નિયમોને આધિન રહેશે.

(૧૦) સમગ્ર ભરતી પ્રક્રીયા પૂર્ણ ન થાય ત્યાસુધી કોઈ પણ પ્રકારની માહિતી માગતી આર.ટી.આઈ.એક્ટ હેઠળની કોઈ પણ અરજી ધ્યાને લેવામાં આવશે. નહી.

૧૨. આ જાહેરાત તથા ભરતી પ્રક્રિયામાં કોઈપણ કારણોસર તેમાં ફેરફાર કરવાની કે “**રદ**” કરવાની આવશ્યકતા ઉભી થાય તો તેમ કરવાનો મંડળને સંપૂર્ણ હક્ક / અધિકાર રહેશે અને મંડળ આ માટે કારણો આપવા બંધાયેલ રહેશે નહીં.

તારીખ: ૧૨/૧૦/૨૦૧૮
સ્થળ:- ગાંધીનગર

સચિવ
ગુજરાત ગૌણ સેવા પસંદગી મંડળ,
ગાંધીનગર

APPENDIX – G

(1) Operating System and office Productivity Tools.

(i) Microsoft Windows

(ii) MS Word - including Advanced Features

(iii) MS Outlook

(iv) File and Folder Management

(v) Internet Familiarity, Usages and E-mail.

(vi) Understanding Wide Area Network, Wireless LAN and connecting LAN to WAN

(vii) Information on Internet explorer usages and various options / setting available

(Viii) Overview & Usages ofof PDF

(ix) Microsoft Office.

(2) Microsoft Office Indic (Gujarati)

(i) Introduction about MS Office - Indic

(ii) Introduction about Desktop, Mouse, Keyboard, etc.

(iii) How to start Word? Methods of starting Word

(iv) How to Change Language English to Gujarati

(v) Introduction about the Gujarati Keyboards

(vi) Introduction about the Gujarati IME, Difference between Remington and Transliteration K/B

(vii) How to operate the K/B what is Transliteration K/B

(viii) How to type different Characters and Words from Transliteration K/B

(ix) How to use IME help? How to use spelling grammars check in Gujarati?

(x) What is smart Tag? What is thesaurus?

(xi) How to change the menu from English to Gujarati

(xii) Convert the ASCII font to Unicode from TBIL Converter.

(3) Troubleshooting, Installation and Best practices.

(i) Understanding Storage devices.

(ii) How to use a DVD/CD/ROM and floppy

(iii) Burning DVD/ CD

(iv) Taking data on and from a flash drive, pen drive.

(v) Using data and resources from a Local Area Network

(vi) Using FTP for uploading and downloading of Data from the Internet

(vii) Information on Scanner and Scanner Software usage / Configuration

(4) Installations:

(i) Installing basic software's like MS Office, etc

(ii) CD Burning Software (Nero, etc)

(iii) Installing or adding printers

(iv) Installing or adding Fonts

(v) Installing sound drivers

(vi) Installing drivers for any new hardware

(vii) Installing new software and removing them using the control panel

(5) Best Practices.

(i) General Security concepts (Covering orientation on the criticality of the password protection, guidelines on forming new passwords, guidelines on protection, of the assigned accounts)

(ii) Disk Cleanup

(iii) Regular updating of anti virus software

(iv) Scandisk

(v) Backups in detail including the following:

  (a) Backup through Application

  (b) Backup through Utilities and Tools.

  (c) Record Retention

(6) Troubleshooting:

(i) Troubleshooting Tools

(ii) Troubleshooting Viruses

(iii) Troubleshooting Fundamentals

(iv) Problems that keep a computer from starting

(v) Troubleshooting OS, Network

(vi) Problems after a Computer Boots

APPENDIX –H

Practical Test

(i)	Preparing a tender notice in word file	30 Marks

(ii)	Preparing a slide for presentation based on data provided	10 Marks
(iii)	Preparing an excel spreadsheet and answering an arithmetic problem	10 Marks
(iv)	Error check and spelling correction in given word document and other functions. - Comment remove - Spelling check - Bold – Remove (Rewriting of paragraph), etc.	10 Marks